# બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી અગષ્ટ. સન ૧૯૧૨ અંક ૫ મો.


## ऐंऐंऐंऐंऐं नमः

કવ્વાલી.

## " दुःखमां धैर्य वृत्तिनो उपदेश. "

ગમે તેવી વિપત્તિમાં, અચલ થા ધૈર્યને ધારી;
પડે દુઃખો ભલા માટે, ગણી મહોત્સવ સકલ સહવાં. ૧
અનુભવ દે સકલ દુઃખો, હવેથી પાપ તું નહિ કર!
અનીતિથી હઠી પાછો, ગુણો લેવા પ્રવૃત્તિ કર! ૨
પઠાવી પાઠ શિક્ષાનો, પડયાં દુઃખો ટળી જાતાં;
સહજ સુખ માર્ગવાળીને, કરાવે સુખનો પ્રેમજ. ૩
પડે છે તાપ વૃષ્ટિ હેત, પડે છે દુઃખ સુખમાટે;
રહસ્યજ જાણતો જ્ઞાની, જરા અકળાય નહિ મનમાં. ૪
ચૂકવતો હર્ષથી દેવું, સકલ આરબ્ધ વેદીને;
નવું આરબ્ધ નહિ રચતો, સદા સમભાવથી જ્ઞાની. ૫
શુભાશુભભોગઆરબ્ધે, થઈ નિષ્કામ ભોગવતો.
હૃદયમાં એમ અવબોધી, સુધારીલે જીવન ત્હારૂં. ૬
અતિચારો થતા તું વાર! ધરી ઉત્સાહ થઇ શૂરો,
ધરીને ચિત્ત નિર્મલતા–ઉદયમાં શક્તિને વાપર. ૭
રહી અન્તરથકી નિસ્સંગ, બની સાક્ષી કર્યા કર ધર્મ,
"બુદ્ધયબ્ધિ" બોધિની પ્રાપ્તિ, સુઝે આગળ રહ્યું જે જે. ૮

स्वगत.

નવસારી માહ સુદી ૮. ॐ शान्ति.

કવ્વાલી.

## " समभाव दिशाए कार्य प्रवृत्ति "

ગમે તેવા પ્રસંગોમાં, લઈ સમભાવનો રસ્તો;
સહ્યું તે નહિ સહ્યું માની, મુસાફર ચાલજે આગળ. ૧
ભૂલી જા ભૂતનાં નાટક, હૃદયપટમાં ખડું કર શુભ;
હૃદય વ્યાપક બનાવીને, હૃદયની ઉચ્ચતા કર ઝટ. ૨
જગતમાં વાવ શુભ બીજો, ગમે તેના ભલા માટે;
અનાશ્રિત થઈ કરે જા કાર્ય–બની પરમાર્થનો સેવક. ૩
જગત્‌ને સ્વર્ગસમ કરવા, મદત કર આત્મશક્તિથી;
ભલા માટે મહન્તોની, વિભૂતિયો મળી જે જે. ૪
જગત્‌નો ભાર સન્તોપર, જગત્‌ના સ્તંભ છે સન્તો;
ઉપાધિયો સહીને સન્ત, જગત્‌નાં પાપ ધુવે છે. ૫
કરે તેની થતી ટીકા, કરે તેને કહે છે સહુ;
કરે તેને પડે વિઘ્નો, કરે તે જન વહે આગળ. ૬
કરે તે તો ગણે નહિ કંઈ, કરે છે કાર્ય તન તોડી;
કરે છે કાર્યની સિદ્ધિ, ક્રિયા યોગે બની યોગી. ૭
સદા આગમ અનુસારે, વહ્યાથી કર્મ ક્ષય થાશે;
"બુદ્ધયબ્ધિ" ભાવ લાવીને, ગુણોને વ્યક્ત કરવાના. ૮

स्वगत.

નવસારી. માહ સુદી ૮.

---

## " अध्यात्मज्ञाननी आवश्यकता. "

અધ્યાત્મજ્ઞાનવડે પ્રાપ્ત થનાર અધ્યાત્મબળની અદ્‌ભુત શક્તિ છે. એકાન્ત વ્યવહાર વાદિઓના ઉપસર્ગ રૂપ અગ્નિની વચ્ચોવચ્ચ રહેનાર અધ્યાત્મ જ્ઞાનરૂપ સુવર્ણ પોતાનો મૂળરંગ કદી બદલતું નથી. ગમે તેટલાં વાદળનાં આવરણોવડે આચ્છાદિત થએલ સૂર્ય જેમ પોતાના મૂળ રૂપને બદલતો નથી તેમ અનેક ઉપાધિયો આવ્યા છતાં અધ્યાત્મજ્ઞાન પોતાનું સ્વરૂપ બદલતું નથી. અધ્યાત્મબળની તુલના કરનાર જગત્‌માં અન્યકોઇ જડપદાર્થ નથી. અધ્યાત્મજ્ઞાનવડે અધ્યાત્મબળ પ્રાપ્ત કરી શકાય છે. અધ્યાત્મજ્ઞાનમાં એટલું બધું જોર રહ્યું છે કે તે કર્મના હુમલાથી આત્માનું સંરક્ષણ કરે છે અને આત્માના ગુણોનો પ્રકાશ કરવા સમર્થ થાય છે. આત્માને સંવરના ઘરમાં લાવનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. આત્માને પંચસમિતિવડે યુક્ત કરનાર અધ્યાત્મજ્ઞાન છે. ત્રણગુપ્તિના સન્મુખ આત્માને કરવો હોય

તો અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ. આ જગત્માં અહંકાર દોષના તાબે ઘણા જીવો થઇ જાય છે. અહંકારરૂપ પર્વતનો નાશ કરવાને દંભોલી સમાન ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. આત્મરૂપ આકાશમાં સૂર્યની પેઠે પ્રકાશ કરનાર ઉત્તરોત્તર અધ્યાત્મજ્ઞાન છે. આત્મામાં ઉંડા ઉતરવાને માટે જગતમાં કોઇ ઉત્તમ સાધન હોયતો ખરેખર અધ્યાત્મજ્ઞાન જ છે. ક્ષમાદિ દશ પ્રકારના ધર્મની ઉત્પત્તિ કરાવવાને માટે અધ્યાત્મજ્ઞાન સમર્થ છે. મરણના સમયે આત્માને પોતાના ઉપયોગમાં ઝીલાવનાર કોઇ ઉત્તમ હોય તો તે અધ્યાત્મજ્ઞાન છે. આ દુનિયાદારીનાં સર્વ દુઃખો ભૂલી જવાને કોઇ ઉત્તમમાં ઉત્તમ દવા હોય તો ખરેખર તે અધ્યાત્મજ્ઞાનજ છે. શરીરને પુષ્ટિ આપનાર જેમ દૂધ છે તેમ આત્માની પુષ્ટિ કરનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. પાણી વિના જેમ કોઇપણ પ્રકારનું ભોજન બની શકતું નથી તેમ અધ્યાત્મજ્ઞાન વિના કોઇ પણ ધાર્મિક પ્રવૃત્તિ થઇ શકતી નથી. આત્માને આત્મપણે અમર કરનાર કોઇ રસ ગણાતો હોય તો તે અધ્યાત્મરસ છે. આત્માને અલમસ્ત કરવા કોઇ ઉત્તમ પાક હોય તો અધ્યાત્મ પાક જ છે. જે મનુષ્યો અધ્યાત્મજ્ઞાનથી હીન હોય છે તેઓ આરોપ ધર્મને ખરાધર્મ તરીકે સ્વીકારે છે અને પોતાના આત્માનો મૂળધર્મ વિસરી જાય છે. જે મનુષ્યો અધ્યાત્મભાવથી હીન હોય છે તેઓ ઔદયિક ભાવનાં કાર્યોમાં ધર્મની બુદ્ધિ ધારણ કરે છે. લાકડાની પૂતળીને કોઇ ગાંડો બનેલો મનુષ્ય ખરી સ્ત્રી માની લે છે તેમ અજ્ઞાની જીવ ખરેખર અધર્મને પણ ધર્મ તરીકે સ્વીકારે છે અને આત્માના ગુણોથી દૂર રહે છે. જેમ કોઇ સ્ત્રી પોતાની કેડે છોકરૂં હોય અને આખા ગામમાં છોકરાના નામની બૂમો પાડીને શોધવા નીકળે તેનીપેઠે અધ્યાત્મદૃષ્ટિથી હીન મનુષ્યો જ્યાં ધર્મ નથી ત્યાં ધર્મના નામની બૂમો પાડીને ધર્મ શોધવા નીકળે છે. **અજ્ઞાની પશુ આતમા.** અજ્ઞાની આત્મા પશુ સમાન છે. અધ્યાત્મજ્ઞાન વિના ધર્મ ક્યાં રહ્યો છે. ધર્મ કેવા પ્રકારનો હોય છે ઇત્યાદિ અવબોધી શકાતું નથી. અધ્યાત્મજ્ઞાનની અરૂચિવાળા જીવો ભલે અધ્યાત્મજ્ઞાનને ધિક્કારે. સૂર્યની અરૂચિવાળા ઘુવડો સૂર્યના સન્મુખ ન જોઇ શકે તેથી કંઇ સૂર્યનો મહિમા ન્યૂન થતો નથી તેમ અજ્ઞાની જીવોના કોલાહલથી અધ્યાત્મજ્ઞાનનો મહિમા હણાતો નથી. આખી દુનિયાના ધર્મોનું મૂળ તપાસીએ તો અધ્યાત્મજ્ઞાનમાંજ સમાઇ ગયેલું દેખાશે. જે ધર્મમાં અધ્યાત્મ વિદ્યા નથી તે ધર્મનાં ઉંડાં મૂળીયાં જતાં નથી અને તેથી અધ્યાત્મવિદ્યા વિનાનો ધર્મ કોઇપણ ભારે આંચકો લાગતાં મૂળમાંથી ઉખડી જાય છે. સાક્ષરોની આગળ અધ્યાત્મજ્ઞાન વિના કોઇ ધર્મ પરીક્ષામાં ટકી શકતો નથી. અધ્યાત્મજ્ઞાનવિના કોઇ ધર્મ વિદ્વાનોના હૃદયમાં ઉંડી અસર કરી શકતો નથી. સર્વદુનિયાની વસ્તુ ઉપરથી મમતા ત્યજાવનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. મોહરૂપ સર્પનું ઝેર ખરેખર સર્વ જીવોને ચડ્યું છે તે ઝેરનો નાશ કરનાર જાંગુલી મંત્ર સમાન અધ્યાત્મજ્ઞાન છે. જે મનુષ્યોની સ્થૂલ બુદ્ધિ છે અને જેઓની સૂક્ષ્મ તત્ત્વોમાં બુદ્ધિ પ્રવેશતી નથી એવા મૂર્ખ મનુષ્યો અધ્યાત્મજ્ઞાનના અધિકારી બની શકતા નથી. પાર્લામેન્ટના પ્રધાન બનવું તે કામ જેવું મુશ્કેલ છે તેવું અધ્યાત્મજ્ઞાનના અધિકારી બનવાનું કાર્ય મુશ્કેલ છે. આત્માના સહજ સુખનો સ્વાદ લેવો હોય તો અધ્યાત્મજ્ઞાનના અધિકારી બનવું જોઇએ જે લોકો અધ્યાત્મજ્ઞાનથી શૂન્ય હોય છે તેઓનાં વર્તન તપાસવામાં આવે તો ચાર્વાકોની પેઠે ઐહિક સુખ માટે તેઓની સર્વ પ્રવૃત્તિ અવબોધાશે. અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યની આગળ તારાસમાન અન્ય જ્ઞાન ફીક્કું પડી જાય છે. જે વખતે અધ્યાત્મ

જ્ઞાનનો પ્રકાશ થાય છે તે વખતે અન્ય પદાર્થોનું જ્ઞાન કંઇ હીસાબમાં ગણાતું નથી. આવું ઉત્તમ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ સદ્ગુરૂની પૂર્ણ કૃપા વિના બની શકે નહીં. હરિણ જેમ સિંહથી ભય પામે છે તેમ બાળજીવો વિષયોના વશમાં હોવાથી હરિણ જેવા બની ગયા હોય છે અને તેથી તેઓ અધ્યાત્મજ્ઞાનરૂપ સિંહથી બીવેછે. કોઈ બાળકને તેના ઉપરીઓ ઓહાઉ આવ્યું એમ કહીને નાહક બીવરાવે છે તેમ બાળજીવોને એકાન્ત વાદીઓ અધ્યાત્મજ્ઞાનને હાઉ કહીને બીવરાવે છે તેથી તે બાળજીવો અધ્યાત્મ જ્ઞાનની રૂચિ ધારણ કરી શકતા નથી અને તેથી તેઓ પરભવમાં પણ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી શકતા નથી. અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃતમાં ઝેરની બુદ્ધિ કરાવનાર એકાન્તવાદીઓ પોતે સુખ પામતા નથી અને અન્યોને અન્તરાય કરીને આઠમા અન્તરાય કર્મનો બન્ધ કરે છે અને તેથી તેઓ સંસારચક્રમાં વારંવાર પરિભ્રમણ કરે છે. આધ્યાત્મિકશક્તિ ખીલવવાને માટે અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા છે એમ શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે. અધ્યાત્મજ્ઞાન ખીલવવાને માટે આત્માર્થી પુરૂષો પ્રયત્ન કરે છે અને કોઈ પણ મનુષ્યની રૂચિનો નાશ કરતા નથી. અધ્યાત્મજ્ઞાન એ આત્માના સદ્ગુણોના ઉદ્યાનને ખીલવવા માટે પુષ્કરાવર્ત મેઘ સમાન છે. કેટલાક મનુષ્યો એમ કથે છે કે અધ્યાત્મશાસ્ત્રો અથવા અધ્યાત્મજ્ઞાનથી લોકોની ક્રિયા ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે માટે અધ્યાત્મશાસ્ત્ર વાંચવાની તથા અધ્યાત્મજ્ઞાન કરવાની મનાઇ કરવામાં આવે છે. આના ઉત્તરમાં કહેવાનું કે અધ્યાત્મશાસ્ત્રોથી વા અધ્યાત્મજ્ઞાનથી ધર્મની વા ધર્મક્રિયાની શ્રદ્ધા કદી ટળી જતી નથી. અધ્યાત્મજ્ઞાનથી આશ્રવ ક્રિયા કરવાનું મન થતું નથી પણ સંવરની ક્રિયામાં તો અધ્યાત્મની જરૂર પડે છે જ અને તે માટે વીશસ્થાનકની પૂજામાં શ્રીમદ્ વિજયલક્ષ્મીસૂરિ કથે છે કે–**अध्यातम वण जे क्रिया ते तो बालकचाल–तत्त्वारथथी प्रीछजो नमो नमो क्रिया विशाल** અધ્યાત્મ જ્ઞાનથી વિધિ પૂર્વક સંવરની ક્રિયાઓ કરવામાં રૂચિ થાય છે અને તે પ્રમાણે પ્રવૃત્તિ થાય છે–સાકર ખાવાથી કોઇનું મૃત્યુ થતું નથી પણ રાસભનું સાકર ખાવાથી મરણ થાય છે તેમાં રાસભનો દોષ છે પણ કંઇ સાકરનો દોષ નથી. શ્રીમદ્ વીરપ્રભુ છદ્મસ્થાવસ્થામાં અધ્યાત્મજ્ઞાની હતા તેથી તેઓ દીક્ષા લીધા બાદ સંવરની ક્રિયામાં તત્પર થયા હતા. અધ્યાત્મજ્ઞાનના ઉપર બુરા થવાનો આરોપ કોઇ તરફથી મૂકવામાં આવે તો તે યોગ્ય નથી. કેટલાક કહે છે કે અધ્યાત્મજ્ઞાનતો તેરમા ગુણઠાણે હોય છે આમ જેઓ કહે છે તેઓ જો શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયકૃત અધ્યાત્મસાર ગ્રન્થ વાંચેતો તેમની ભુલ ટળીજાય–ચોથા ગુણ સ્થાનકમાં અધ્યાત્મ જ્ઞાન છે તેથી ઉપરના ગુણસ્થાનકોમાં તો અધ્યાત્મજ્ઞાન હોય એમાં કંઇ આશ્ચર્યનથી–શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય જેવા મહાજ્ઞાની પુરૂષના વચનને જેઓ માને નહીં અને તેમની સાક્ષી આપવામાં આવે તો તે પ્રમાણે કરે નહિ તેવા બાળજીવો અધ્યાત્મનું સ્વરૂપ સમજ્યા વિના અધ્યાત્મ નામથી ભડકીને આડા માર્ગે ગમન કરે છે. આગમોના આધારે જે ભવ્ય જીવો અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ અવબોધે છે તેઓ આગમના આરાધક જાણવા. આકાલમાં આગમોના આધારે અધ્યાત્મજ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે. કેટલાક મનુષ્યો પોતાની સૂક્ષ્મબુદ્ધિના અભાવે કહે છે કે અધ્યાત્મજ્ઞાન થવાથી પન્થ કાઢી શકાય છે. આમ જેઓ કથે છે તેઓ અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ સમજ્યા વિના સર્વ ક્રિયાના આધાર ભૂત એવા અધ્યાધ્યાત્મજ્ઞાનને કલંક દેનાર જાણવા કારણ કે અધ્યાત્મજ્ઞાનથી પન્થ કાઢવાની બુદ્ધિ થાય છે એવું જૈન શાસ્ત્રોમાં કોઇ ઠેકાણે કથ્યું નથી તેમ છતાં જેઓ ઉપર પ્રમાણે પન્થ કાઢવાનો આરોપ ખરેખર અધ્યાત્મજ્ઞાન ઉપર મૂકે

છે તેઓ જૈનાગમોથી વિરૂદ્ધ ભાષણ કરનારા અવબોધવા; એટલું તો કહી શકાય કે એકાન્તે જેઓ વ્યવહાર વાદી હોય વા એકાન્તે જેઓ અધ્યાત્મવાદી હોય તેઓ એકાન્તવાદ રૂપકુપંથના સેવનારા છે પણ તેથી એમ ન સમજવું કે અધ્યાત્મજ્ઞાન વા વ્યવહારમાં પન્થ કાઢવાનું દૂષણ ઉત્પન્ન થાય છે. કેટલાક મનુષ્યો કથે છે કે જેને અધ્યાત્મજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેના આચારો તો ઉત્તમજ હોય અને તે વ્રતધારી હોય આમ કથનારને ઉત્તરમાં જણાવવું પડશે કે જેઓ એકાન્તે અધ્યાત્મજ્ઞાનનો એવો અર્થ કરે છે તેઓ ગુણસ્થાનકના સ્વરૂપને જાણનારા નથી—જૈનશાસ્ત્રોમાં કથ્યું છે કે પહેલું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પશ્ચાત્ શુભ આચારરૂપ ચારિત્ર ઉત્પન્ન થાય છે. ચોથા ગુણ સ્થાનકમાં અધ્યાત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે પણ પચ્ચખાણ કરવાં વ્રતો આદરવાં ઇત્યાદિ ચારિત્રના આચારો ચોથા ગુણસ્થાનકમાં ઉત્પન્ન થતા નથી. પાંચ અનુત્તર વિમાનના દેવતાઓને સમ્યગ્જ્ઞાનરૂપ અધ્યાત્મજ્ઞાન હોય છે પણ તેઓને વ્રત પચ્ચખાણ રૂપ ચારિત્રના આચારો નથી. અધ્યાત્મજ્ઞાન અને શુભાચારરૂપ ચારિત્ર એ સાથે હોય તો દૂધમાં સાકર ભળ્યા જેવું સમજવું પણ અધ્યાત્મજ્ઞાન છતાં વ્રત પચ્ચખાણરૂપ ચારિત્ર ન હોય તો ત્યાં કર્મનો દોષ છે પણ અધ્યાત્મજ્ઞાનનો દોષ નથી.

જૈનતત્ત્વનો અભ્યાસી કોઇ મનુષ્ય દુરાચરણી હોય તેમાં જૈન તત્ત્વજ્ઞાનાભ્યાસનો કંઇ દોષ નથી તેમ કોઇ અધ્યાત્મજ્ઞાની વ્રત પચ્ચખાણ આદિથી રહિત હોય તેમાં અધ્યાત્મ જ્ઞાનનો દોષ ગણાય નહિ. પણ કર્મનો દોષ ગણાય દીવો હાથમાં હોય અને કૂવામાં કોઈ રીસથી પડે તેમાં દીપકનો દોષ ગણાય નહિ પણ રીસરૂપ પ્રમાદનો દોષ ગણાય તદ્વત્ કોઇ અધ્યાત્મજ્ઞાની ચારિત્રના આચારોથી વિમુખ હોય તો તેમાં પ્રત્યાખ્યાનાવરણીય કર્મ આદિકષાય પ્રમાદોનો દોષ જાણવો. કોઇ મનુષ્ય એમ કથેછે કે સ્ત્રીને વિદ્યા ભણાવીએ તો સ્ત્રી વ્યભિચારિણી થઇ જાય એમ કહેનારના વચનમાં જેમ અજ્ઞાનરૂપ દોષ છે તેમ અધ્યાત્મજ્ઞાન ભણવાથી ચારિત્રાચાર શૂન્ય મનુષ્યો થઇ જાય છે એમ કહેનારના વચનમાં પણ અજ્ઞાનતારૂપ દોષ અવબોધવો. કેટલાક એકાન્ત વ્યવહારવાદીઓ બાળજીવોને કહે છે કે ભાઇઓ બ્હેનો અધ્યાત્મજ્ઞાનથી તો પ્રતિક્રમણની શ્રદ્ધા ઉડી જાય છે. અધ્યાત્મજ્ઞાનિયો પ્રતિક્રમણ કરતા નથી માટે અમારા કહેવામાં શ્રદ્ધા ધારણ કરો અને અધ્યાત્મજ્ઞાનના વાયરે પણ ન જાઓ આ પ્રમાણે જે બાળજીવો બોલે છે તેઓને અધ્યાત્મશાસ્ત્રોનું જ્ઞાન હોતું નથી તેથી તેમની પાસે અધ્યાત્મજ્ઞાનીઓ આવતા નથી અને તેમની અવિધિયુક્ત પ્રતિક્રમણની ક્રિયાઓ ખરેખર અધ્યાત્મજ્ઞાનિયોને રૂચતી નથી તેજ આદિકારણો તેમાં કલ્પી શકાય છે.

અધ્યાત્મજ્ઞાન એમ કદી નથી કહેતું કે હે ભવ્યજીવો ! તમે પ્રતિક્રમણ ન કરો અધ્યાત્મજ્ઞાન તો પ્રતિક્રમણના અધ્યવસાયને ઉત્પન્ન કરાવે છે. ખરૂં પ્રતિક્રમણ કર્યા વિના કોઇ જીવ મોક્ષ ગયો નથી અને ભવિષ્યમાં કોઇ જનાર નથી એમ અધ્યાત્મજ્ઞાન ફરમાવે છે. અધ્યાત્મજ્ઞાનથી ખરૂં પ્રતિક્રમણ કરી શકાય છે અને આશ્રવના હેતુઓને રોકી શકાય છે. દ્રવ્ય પ્રતિક્રમણની ક્રિયામાં ખરેખર ભાવ રસ રેડીને દ્રવ્ય પ્રતિક્રમણને પણ ભાવ પ્રતિક્રમણ તરીકે બનાવનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે.

( અપૂર્ણ )

# मननीशांति.

( લેખક. એક જૈન ગ્રેજ્યુએટ. )

આ જગતમાં ઉપાધિની વચ્ચમાં રહેવા છતાં શું આપણે મનની શાન્ત દશા પ્રાપ્ત કરી શકીએ ? અને જો તે પ્રાપ્ત થઇ શકે તેમ હોય તો તેને વાસ્તે ઉપાય શો છે ? આ બે પ્રશ્ન આજના લેખમાં આપણે વિચારવાના છે.

આ વિષયનો આપણને ખ્યાલ આવે તે માટે આપણે મનુષ્ય વ્યક્તિને ત્રણ વિભાગમાં વ્હેંચી નાખીશું. કેટલાક મનુષ્યો એવા સ્વભાવના હોય છે કે એમનું મન ઉભી પેન્સીલના જેવું છે. જેમ ઉભી પેન્સીલ સ્થિર ટકી શકે નહિ, તેમ તેમનું મન કદાપિ સ્થિર રહી શકે નહિ. બીજા પ્રકારના મનુષ્યો ઘડીઆળના પેન્ડયુલમ ( લોલક ) જેવા છે. તેઓ સ્થિર રહે છે, પણ જો એકવાર તે લોલકને હલાવવામાં આવે, અર્થાત્ જો એકવાર તેમના મનની સમતોલ વૃત્તિને હાલવાનું કારણ મળે તો પછી તે સ્થિતિ ઘણા લાંબા વખત સુધી ચાલવાજ કરવાની. મનુષ્ય જાતિનો મોટો ભાગ આ બીજી સ્થિતિમાં છે. ત્રીજા પ્રકારના મનુષ્યો ટેબલ પર મૂકેલી પેન્સીલ જેવા છે. તમે ગમે તેવી સ્થિતિમાં તે પેન્સીલને આડી મૂકો, છતાં તેની સ્થિરતામાં ભંગ થશે નહિ. આ ત્રણ સ્થિતિમાં છેલ્લી સ્થિતિ ઉત્તમોત્તમ છે, એમ તો કહ્યા વિના પણ સમજાય તેવી વાત છે.

એવી સ્થિતિ પ્રાપ્ત કરવાને શું કરવું ! શું મનની શાન્તિમાં વિઘ્ન કરનાર કોઇપણ તત્ત્વ હોય તેવા સ્થાનમાં નાસી જવું ! ના ! તેમ નાસી જવાથી કાંઇ શાંતિ મળશે નહિ. ત્યારે કરવું શું ? આ બાબત સમજાવવાને આપણે એક ટુંક દૃષ્ટાન્ત વિચારીશું.

એક મુસાફર બહુ ભ્રમણ કરવાથી થાકી ગયો હતો અને તે તથા તેનો ઘોડો બન્ને તૃષાતુર બન્યા હતા. હવે તે બન્ને એક કુવા આગળ ગયા, જ્યાં પાણીનો કોસ ચાલતો હતો, તે કોસનો ચું ચું અવાજ થતો હતો, અને તેથી તે ઘોડો ભડકવા લાગ્યો તે ઉપરથી તે ઘોડેસ્વારોએ તે અવાજ બંધ રાખવાને તે કોસ ચલાવનારાઓને કહ્યું. તેમણે તે કોસ બંધ રાખ્યો અને તેથી અવાજ બંધ થયો પણ તેથી પાણી આવતું પણ બંધ થયું. હવે ઘોડો પાણી વગર પીએ શું ? ફરીથી તે ઘોડેસ્વારે તે કોસ ચલાવનારાઓને કહ્યું, " મેં તો તમને અવાજ બંધ કરવાને કહ્યું, પણ મેં તમને પાણી બંધ કરવાને કહ્યું નહોતું. શું તમે એક મુસાફરના ઘોડાને પાણી પીવા જેટલી પણ દયા બતાવી શકતા નથી ? "

તેઓએ કહ્યું અમારા અંતઃકરણથી અમે તમને અને તમારા ઘોડાને પાણી આપવા ખુશી છીએ, પણ તમારી માગણી એવા પ્રકારની છે કે જે અમે પુરી પાડી શકીએ નહિ. જો તમારે પાણીની જરૂરજ હોય તો અવાજ ચાલતો હોય ત્યારેજ તમારા ઘોડાએ પાણી પીવું જોઇએ, અવાજ બંધ થશે, તેની સાથે પાણી આવવાનું પણ બંધ થશે.

આ ટુંકા દૃષ્ટાન્ત પરથી સાર એ લેવાનો છે કે એવો એક પણ સમય નહિ આવે કે જ્યારે બાહ્ય સાધનો સર્વ રીતે અનુકૂળ થાય. કાંઇ નહિ ને કાંઇ પ્રતિકૂળ સંજોગો મનુષ્યને મળ્યા વગર રહેતાજ નથી તો પછી એવો કાંઇ માર્ગ શોધવો જોઇએ કે જેથી પ્રતિકૂળ સંજોગોની વચ્ચમાં મનની સ્થિરતા મેળવી શકાય. જેવી રીતે ભર દરિયા વચ્ચે ટાપુને ખલાસીઓ શોધે છે, અથવા તો રેતીના ભર રણમાં જેવી રીતે મુસાફરો લીલીજમીન ( લીલો

ટાપુ ) શોધીકાઢે છે, તેવી રીતે આપણે પણ એવી એક મનની સ્થિતિ શોધી કાઢવી જોઇએ કે જેનો આશ્રય લેવાથી કેવળ શાન્તિજ પ્રાપ્ત થાય.

બધા સંજોગોને આપણે બદલી શકીએ નહિ. માર્ગમાં જતાં પર્વત આવ્યો તો આપણે પર્વતને ખસેડી શકીએ નહિ, પણ તેના ઉપર થઇને જવાનો માર્ગ તો શોધી કાઢીએ, તેવીજ રીતે અશાંતિનાં કારણોને આપણે દૂર કરી શકીએ નહિ કારણ કે તે આપણા હાથમાં નથી. પ્રતિકૂળ સંયોગો તો જગત્‌માં વિદ્યમાન જ હોય છે પણ તેવા સંજોગોમાં આપણે મનની સમતોલ વૃત્તિ ખોવા વગર કેમ વર્તવું એજ આપણે શિખવાનું છે કારણ કે જેને એ સ્થિતિ સિદ્ધ કરી છે, તેને વાસ્તે કોઈ પણ ઉચ્ચદશા અશક્ય નથી.

તમે રસ્તામાં જતા હો છો, એવામાં કોઇ તમને મળે છે, અને તે કાંઇક શબ્દો કહે છે, જે તમને અનુકૂળ લાગતા નથી. તરતજ તમારા મનરૂપી ઘડીઆળનું લોલક હાલવા લાગે છે. તે ચાલ્યો જાય છે, પણ તેના શબ્દોએ તમારા મનના લોલકને ગતિવાળું કર્યું છે, તેની અસર કલાકોના કલાકો સુધી ચાલે છે, કેટલીકવારતો અઠવાડીઆં સુધી ચાલે છે, અને કેટલીક વારતો વર્ષો સુધી પણ ચાલે છે. મનને એકવાર ગતિ આવ્યા પછી તેને સ્થિર કરવાનું કામ ઘણું મુસ્કેલ પડે છે. એકવાર તમે જે રસ્તો કરી આપ્યો હોય તે રસ્તે ચાલવું તેને ઠીક લાગે છે; અને વારંવાર એનો એ વિચાર કરવાથી મન તેજ વિચાર કરવાને, જરા નવરૂં પડતાં, દોડે છે. આજ ચિંતા, આજ ઉદ્વેગ, આજ મનની શાંતિમાં ભંગ કરનાર પ્રબળ શત્રુ. આવી ચિંતા, ઉદ્વેગ, અને ક્ષોભ પમાડનારી વિચાર શ્રેણિમાં તમારો અમૂલ્ય સમય ચાલ્યો જાય છે, અને તે છતાં તમે કહો છો કે મને આત્માનું શ્રેય કરવાને વખત મળતો નથી. જ્યાં નાની બાબતો—હર્ષ કે શોકના નજીવા પ્રસંગો—પ્રશંસા કે નિંદાના નાનાં વાક્યો—મનુષ્યના મનરૂપી સમુદ્રમાં અત્યંત ખળભળાટ ઉપજાવી શકે ત્યાં શાન્તિની આશા શી રાખવી. !

આ સ્થિતિમાં ત્રીજા પ્રકારના મનુષ્યો શું કરે છે, તે આપણે વિચારીએ. શું તેઓને ઉદ્વેગ કરાવનારા પ્રતિકૂળ સંજોગો પ્રાપ્ત થતા નથી ? તેમ તો બનેજ નહિ. તેઓ દર્પણની માફક કરે છે. દર્પણમાં મનુષ્ય પોતાની આકૃતિ જુએ છે પણ તે મનુષ્ય ચાલ્યો જાય છે, એટલે દર્પણ પોતાની અસલ સ્થિતિ પ્રાપ્ત કરે છે તેવીજ રીતે તે મનુષ્યને બાહ્ય ઉપાધિઓ અસર કરતી નથી. તેનો મુદ્રાલેખ એ હોય છે કે **इदमपि गमिष्यति** આ પણ જતું રહેશે અર્થાત્ બાહ્ય પ્રતિકૂલ સંજોગો અવશ્ય જતા રહેવાના તેથી તેવો મનુષ્ય સુખના પ્રસંગમાં અતિ હર્ષઘેલો બનતો નથી તેમ દુઃખના પ્રસંગે ધૈર્ય છોડી દીન બનતો નથી પણ બન્ને પ્રસંગે મનની સમતોલવૃત્તિ જાળવી રાખી શકે છે. તમે તેની પાસે આવો, અને તેની પ્રશંસા કરી ચાલ્યા જાઓ તે પછી તેના ઉપર તે વિચાર કરતો નથી; તમે આવો અને નિંદા કરી ચાલ્યા જાઓ તે પછી તેના ઉપર તે વિચાર કરતો નથી કારણ કે તે માને છે કે પ્રશંસા કે નિંદાના તરંગો આત્મારૂપી ખડકને અસર કરનાર નથી, અને હું તે આત્મા છું, માટે મને એ અસર કરી શકશે નહિ. એક સ્થળે કોઇ આત્મજ્ઞાનીએ કહ્યું છે કે દેહ આત્મા છે એમ માનવું તેનું નામ અજ્ઞાન, અને દેહ અને આત્માને ભિન્ન માનવા એજ જ્ઞાન આવું જ્ઞાન કેવળ શબ્દમાં નહિ પણ અનુભવમાં ધરાવનાર પુરૂષ સર્વ સંજોગોમાં એક સરખી મનની સમતોલ વૃત્તિ રાખી શકે છે. નિંદા કે પ્રશંસા દેહ આશ્રયી છે. મારી કોઇએ

પ્રશંસા કરી, એટલે આ શરીરની કોઇએ સ્તુતિ કરી, મારી કોઇએ નિંદા કરી એટલે આ શરીરની નિંદા કરી. આ પ્રમાણે વિચાર કરનાર પુરૂષ સુખદુઃખમાં તેમજ માન અપમાનમાં જરાપણ ડગતો નથી અને નિંદા કરનારને વિષે તો તે વિચારે છે કે.

दद्तु दद्तु गालीर्गालिमन्तो भवन्तो
वयमपि तदभावाद्गालि दानेऽसमर्थाः ।
जगति विदि तमे तद्दीयते विद्यमानम्
नहि शशक विषाणं कोऽपि कस्मै ददाति ॥

તમારાથી દેવાય તેટલી ગાળો દો, કારણ કે તમે **ગાળોવાળા** છો અમારી પાસે ગાળો નથી, માટે અમે તે આપવાને અસમર્થ છીએ. આ જગતમાં એ તો જાણીતું છે કે જેની પાસે હોય તે આપે. કોઇ કોઇને શશલાનું શિંગડું આપતું નથી. માટે ગાળો આપનાર બિચારાની દયા લાવી જોઇએ કારણ કે તેની પાસેની પુંજી ગાળોની બનેલી છે.

મનને અશાંતિના માર્ગમાં જતું અટકાવવાને કેટલાક બાહ્ય સાધનોનો આશ્રય લેઇ શકાય. જ્યારે જ્યારે એવો કોઇ પ્રસંગ આવે કે મનમાં ઉદ્વેગ, ચિંતા, સંક્ષોભ વગેરે થાય, ત્યારે તે દૂર કરવાને વાસ્તે એક સાધન ઘણું ઉપયોગી છે, જે નીચે જણાવવામાં આવે છે. કોઇપણ નાનું પુસ્તક જેના વિચારો તમારા મનને ઉન્નત બનાવતા હોય, કોઇ પણ કાવ્ય જે વાંચવાથી તમારી ભાવનાઓ ઉચ્ચ બનતી હોય, કોઇ પણ શ્લોક કે જેનું રટન કરવાથી તમારા મનમાં ઉત્તમ ઊર્મિઓ જાગૃત થતી હોય તેવા કોઇ પણ સાધનનો આશ્રય લો. તમને પ્રિય લાગતા ગ્રન્થકારોનાં વચનોમાંથી સારા સારા ફકરાઓ ચૂંટી કાઢો જેથી ઉચ્ચ વિચારો સ્ફુરે તેવા ફકરાઓ, કાવ્યો, શ્લોકો વગેરેની એક નાની નોટ બનાવો. તે તમારા ગજવામાં રાખો. તમારા મિત્રો સાથે મળો, અને તેમાં કાંઇ ઉદ્વેગ કરનાર પ્રસંગ બન્યો હોય, અથવા કોઇ પેપર વાંચતાં મનમાં ચિંતા ઉપજવાનું કારણ બન્યું હોય, અથવા તો મનની શાંતિમાં વિઘ્ન નાખનાર કોઇપણ પ્રસંગ બન્યો હોય, તે વખતે ગજવામાંથી પેલી નોટ બ્હાર કાઢો, તે વાંચો, તે વિચારો અને તેમાંના શ્લોકોનું આનંદથી રટન કરો. આ પ્રમાણે તમે તે મનના લોલકને આમતેમ લાંબા વખત સુધી હીંડોલા ખાતું અટકાવી શકશો અને આરીતે મનને થોડા સમયમાં શાંતિ પ્રાપ્ત કરતાં આવડશે. પ્રથમ આ બાહ્ય સાધનો કામ લાગશે, અને ધીમે ધીમે મનને પણ સ્વાભાવિકરીતે એવી ટેવ પડી જશે કે જેથી તેનું લોલક જરાક હાલવા માંડયું પણ નહિ હોય તેવામાં તે પોતાની અસલી સ્થિરતા મેળવી શકશે પણ શરૂઆતમાં આ બાહ્ય સાધનનો આશ્રય લેવાની જરૂર છે.

આ રીતે જે મનુષ્ય આવી સ્થિતિમાં રહી શકે છે, તે જળમાં વસવા છતાં જળથી નિર્લિપ્ત રહેતા કમળની માફક જગતની ઉપાધિમાં અને બાહ્ય પ્રતિકૂળ સંજોગોમાં પણ મનનું સમતોલપણું રાખી શકે છે, અને સંપૂર્ણ આનંદ જે આત્માનો સ્વાભાવિક ગુણ છે તે ખીલવી શકે છે. તે ખીલવવા સર્વ કોઇ દોરવાય એવી ભાવના સાથે આ પ્રસ્તુત લેખ સમાપ્ત કરવામાં આવે છે.

# समरादित्यना रास उपरथी.

( લેખક—મુનિ માણેક. કલકત્તા. )

## પુણ્યનો પ્રભાવ.

બહુ પુણ્યથી તો મળે રાજ્યરિદ્ધિ,
વળી સંપદા સુખને કાર્ય સિદ્ધિ;
ગુણી પુત્રને માનિની શીલનિધિ,
ખરે સાર સંસારમાં વિધિસિદ્ધિ.

પૃથ્વીને વિષે પ્રખ્યાત થએલું યથાનામ તથા ગુણવાળું **ક્ષિતિપ્રતિ** નામનું નગર તે સમયે સર્વેને પોતાની સુંદરતા જોવા આવવા આકર્ષી રહ્યું હતું, શત્રુના ત્રાસથી રાત્રે પણ પ્રજાને ભયના લીધે નિદ્રામાં વિક્ષેપ ન પડે માટે તે શહેરની સઘળી બાજુએ મજબુત ઉંચો અને પહોળાઇમાં વિશાળ કોટ બનાવવામાં આવ્યો હતો તેની અંદર કાંગરા સુવર્ણ રત્નના બનાવેલા અનેક મુકુટ સમાન શોભી રહ્યા હતા છતાં પણ પ્રજામાંથી કોઇ બદમાશ શહેરમાં રહી છુપીરીતે તે ધાડ ન પાડે માટે શ્રીમંતોએ પોતાના સુંદર ઘરોની આજુબાજુ મોટી દીવાલો બનાવેલી હતી તે, રાજાના પ્રાસાદની આજુબાજુ જેમ કિલ્લો હોય તેમ શોભતી હતી.

દીવાલોમાં અંદર પેસવાના દરવાજા, લાકડાની સુંદર કારીગરીમાં ચાંદી પીતળ સુવર્ણ વિગેરેનાં પતરાં તથા ખીલા જડી મજબુત કરવામાં આવ્યા હતા અને દીવાલોમાં પત્થર ઇંટ ચુનો વાપરી રંગથી રંગેલાં હોવાથી તે સાક્ષાત્ સુવર્ણ ચાંદીની બનાવેલી હોય તેમ દીવાળો દૂરથી જણાતી હતી. બારીઓમાં જડેલા કાચોથી તથા ઘરની અંદરના હાંડી ઝુમર લાલકથી દિવસે સૂર્યના તાપથી જુદીજુદી જાતનાં રત્ન જડેલાં દેખાતાં તથા તેમાંથી જુદી જુદી જાતના રંગનાં કીરણો નીકળવાથી તથા રાત્રે દેદીપ્યમાન ઘરમાંની રોશની તે આરસામાં ફેલાતાં એકનાઅનેક જુદા જુદા આકારવાળા દીવાના મનોહર દેખાવથી ચાલતા મુસાફરો પણ તે જોવા માટે સ્થિર થતા હતા. તેઓને એકબાજુ ઘરની સુંદરતા દેખવા મળતી ત્યારે બીજી તરફથી મનોહર વાજીંત્રોની સાથે તરૂણ સ્ત્રીઓ તરફથી મધુર કંઠે વિવિધ રાગમાં ગવાતાં ગીતો સાંભળવા મળતાં. તે દીવાલની અજુબાજુ જાહેર રસ્તા ઉપર જ્યારે રાજ્ય તરફથી સફાઇ રહેતી તેમ અંદરના ભાગમાં ઘરના ધણીઓ તરફથી સાફસુફ રહેતી તેની અંદર રહેવાના વિશાળ મકાનની અજુબાજુ સપાટ રસ્તો રાખેલો હતો જેની આજુબાજુ સુગંધી પુષ્પોની વેલો તથા છોડ રોપવામાં આવેલા હતા તેના ઉપર યાંત્રિકકળાથી પાણી છાંટવાથી છાંટતી વખતે વર્ષાૠતુનો દેખાવજ નજરે પડતો હતો અને બીજીના વખતમાં વનસ્પતિઓના પ્રફુલ્લિતપણાથી વસંતૠતુ જણાતી હતી. ફુલોના સુગંધી માલિકોને સુગંધ આપવા ઉપરાંત ઘરધણીઓના વિવેકની ખાતર માર્ગે જતા મુસાફરોને આપી વિદેશીઓને પણ અતિથીનો સત્કાર કરવાનું શીખવતી હતી ! તેથી તથા દેવાંગનાના રૂપને વીસરાવે તેવી સુંદરીઓ પોતાનાં કોમળ બાળકોને વડીલોનો વિનય કેમ સાચવવો તથા વિદ્યા ભણવાથી શું લાભ

થાય છે તથા આપણી પાસેની વસ્તુ પરમાર્થમાં કેમ વાપરવી તે શીખવતી હતી ત્યારે કેટલીક તરૂણીઓ પતિની સેવામાં લીન થએલી દેખાતી, કેટલીક નવયૌવનાઓ પીયરમાં અતિશય માનનીય હોઇ સઘળું કાર્ય દાસદાસી પાસે કરાવતી તે સાસરામાં સાસુ નણંદ જેઠાણીની પર્યુપાસના કરવા જાતે તૈયાર થઇ તેમનું મન સંતોષ કરી રહી હતી. તેવા અનેક કારણોથી ચાલતા મુસાફરોને તે સ્ત્રીપુરૂષો દેવદેવી સમાન લાગતાં ત્યારે તેમનાં મકાનો દેવોના પ્રસાદ જેવાં લાગતાં એવા એક ઘરથી બીજા ઘર સુધી જતાં નવી નવી જાતની વસ્તુઓ તથા તેમની ગોઠવવાની ખુબીથી સારી રીતે નિહાળતાં લોકોના કલકોને કલાકો નીકળી જતા હોવાથી પોતાની આંખને બળ જબરીથી કબજામાં લેઇ તે મુસાફરે દેખ્યું અણદેખ્યું કરી આગળ ચાલતા, ત્યારે દેશ દેશાવરથી વેપારાર્થે આવેલી જરૂરી વસ્તુઓના સમૂહથી ભરેલી અનેક દુકાનોની શ્રેણીઓ તેમને હારબંધ જોવામાં આવતી, છતાં ચાલનારને હરકત ન થાય માટે ભાર ખેંચનારાં ગાડાંનો રસ્તો જુદી બાજુથીજ કાઢેલો હતો અને શ્રીમંતોને ગાડીઘોડા માટેજ રાજ્યમાર્ગ વપરાતો. તેની બંને બાજુએ માણુસોને સુખથી ચાલવા માટે પગરસ્તો બાંધવામાં આવેલ હતો. જ્યાંથી આગળ જતાં વિશાળ બગીચો તથા તેની આજુબાજુ મોટું મેદાન હતું જેમાં દેશી વિદેશી કોઇ પણ વિશ્રાંતિ લેવા આવતા હતા પણ ઘોડાથી કે બીજા પશુથી કે અજ્ઞાન માણુસથી જરા પણ ગંદકી ન થાય તેવી સગવડો કરવામાં આવી હતી જેથી તે શહેર સ્વર્ગની રાજધાની અમરાપુરી સમાન લાગતું હતું અને આ વિશાળ બગીચો નંદનવન સમાન લાગતો હતો. શહેરના મધ્ય ભાગથી આજુબાજુ રાજ્યના અમલદારોનાં ઘર હતાં ત્યારે વચલા ભાગમાં રાજાનો મહેલ ઇંદ્રના અવતંસક વિમાન માફક શોભી રહ્યો હતો તેમાં **પૂર્ણચંદ્ર** નામે રાજા અનેક રાણીઓથી પંચેંદ્રીના વિલાસો ભોગવતો હતો છતાં પણ રાજાની અધિક સ્નેહવાળી પ્રેમદા **કુમુદિની**નામે હતી તે બંન્ને સાથે ઉભેલાં તે કામદેવ અને રતિના જોડા સરખાં લાગતાં હતાં. તેઓને એક બીજાના ગુણોજ નજરે આવ્યાથી બેના શરીરો જુદાં છતાં પણ તનમયતાથી એકજીવ જેવાં જોડાયલાં લાગતાં હતાં અને કાળે જેમ શીપમાં મુક્તાફળ નીપજે છે તેમ તે સુંદરીએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો હતો. તે વખતે શહેરમાં અનેક દાનશાળાઓ હતી જ્યાં ઇચ્છિત ભોજન વસ્ત્ર મળવા ઉપરાંત દીનો અનાથોને જોઇતી સઘળી વસ્તુઓ મળતી તેથી દુઃખી કોઇપણ દેખાતું નહોતું તેમ ધંધા રોજગાર સારો ચાલવાથી તથા રાજ્યની ન્યાયવૃત્તિથી શ્રીમંતો કરોડો રૂપિયા કમાઇ તેનો ઉપયોગ ઇચ્છા પ્રમાણે કરતા તેથી ઠામઠામ વાજીંત્રો વાગતાં અને સવાર બપોર સાંજ મધ્યરાત્રે સુંદર નાદવાળાં ચોઘડીઆં વાગતાં તેમ દરવાજે તોરણ બંધાતાં પણ આજે રાજાને ત્યાં રાજ્યના વારસનો જન્મ થવાથી રાજાપ્રજાને અતિશે અલૌકિક આનંદ વ્યાપી રહ્યો હતો, જેથી મોં માગ્યું દાન દેવા રાજાએ ઉદ્દઘોષ પણ કરાવી હતી જેથી દેશી વિદેશી દરિદ્રતાને જલાંજલિ હમેશને માટે આપવા દાન લેવા રાજ્યમહેલ તરફ દોડતા હતા ત્યારે રાજાના હિતચિંતકો યથોચિત ભેટણું આપવા આવતા હતા જેથી શ્રીમંતોની ચાલતી મોટી પેઢીઓ માફક નાણાંની આપલે થતી હતી. મળેલા દાનથી ગરીબો પણ શ્રીમંત જેવા બની ગયેલા હતા અને હોંશભેર પોતપોતાને ઘેરે જતા હતા. રાજાનો ખજાનો જે જમીનમાં નાહક પડી રહેલો હતો તેનો અત્યારે ઉદ્ધાર થવાનો સમય આવેલો હતો અને મળેલા ધનને ઉપયોગ

માં લેઇ નવાં નવાં સુંદર મકાનો સામાન્ય પુરૂષોએ પણ બંધાવા માંડયાથી વિદેશથી કારીગરો આવેલા તે પણ પૂરા થતા નહોતા જેથી હમેશાં જવા આવવાથી વિશાળ શહેર પણ વસ્તી વધવાથી સંકીર્ણ થઇ ગયું હતું. ગુણકાઓ ગાયનકળા બતાવવામાં, નૃત્યકીઓ નાચ કરવા ભાટચારણો બીરૂદ બોલવા રાજ્યમંદિર નજીકમાં એકઠાં થતાં હતાં. રાજાએ તેના જન્મની ખુશાલીમાં ઘણા કરો માફ કરવા ઉપરાંત લોકોનું દેવું ચૂકવી આપી સર્વે લોકોને રૂણમુક્ત કર્યા હતા તથા કોર્ટમાં નવી શીક્ષા કરવાની મના કરી જુના કેદીઓને પણ યોગ્ય સમજણ આપી છોડી દેવાથી સર્વત્ર ખુશાલી વ્યાપી રહી હતી. જન્મ સંસ્કારનાં યથાવિધિ કાર્ય કરી તેનું નામ **ગુણસેન** કુમાર પાડયું. આ કુમાર બાળપણાથી પોતાના સદ્‌ગુણોવડે માતપિતાને તથા પરિવારને સંતોષ આપતો હતો અને બીજના ચંદ્રની માફક વધવા માંડયો હતો.

પ્રભુની ભક્તિ કરવાનાં દેવાલયો તથા ગુરૂઓને ભવ્યજીવોને ઉપદેશ દેવાનાં અનેક સ્થાનો ઠામઠામ જોવામાં આવતાં. જ્યાં મંદિરોના ઘંટાનાદથી તથા ગુરૂઓના યથાયોગ્ય ઉપદેશથી વ્યાખ્યાનશાળાઓ ગાજી રહેલ હતી ત્યાં પણ રાજા ધર્માત્મા હોવાથી તેણે સર્વે મંદિરોમાં પૂજા મહોત્સવ શરૂ કરવા તથા તેમનો નિભાવ થાય માટે વર્ષાસન બાંધી આપ્યાં તેમ શ્રીમંત ગ્રહસ્થો પોતાને ધર્મ તિથિએ પૌષધાદિ ધર્મ ધ્યાન કરવા માટે પૌષધશાળાઓ બનાવેલી હતી જેથી લોકો ધર્મ અર્થ કામ યોગ્ય વખતે સાધી શકતા હતા ત્યાંપણ વિશેષ સગવડો કરી આપી તેથી કેટલાક નિકટ ભવીપુરૂષો મોક્ષમાર્ગ શીઘ્ર મેળવવા સંસાર તે અસાર જાણી સદ્‌ગુરૂ પાસે દિક્ષા ગ્રહણ કરી શકતા ત્યારે કેટલાક જૈની દિક્ષાને કઠણ જાણી તામસ બની વનવાસમાં જીંદગી પૂરી કરી સ્વર્ગ મેળવતા પણ રાજાના પ્રબળ પરાક્રમથી શત્રુરાજાઓ શાંત પડેલા હોવાથી તથા લોકને યથોચિત ધંધો મળવાથી ચોરનું કે લુંટારાનું કે લડાઇઓનું કિંચિત્ પણ દુઃખ કે ભય પ્રજાને નહોતો તેથી મનુષ્યો, મનુષ્ય જન્મની સાફલ્યતાને આરાધી શકતા.

આ પ્રમાણે સઘળી પ્રજા સુખી છતાં પણ પ્રબળ પાપના ઉદયથી કોઇ દુઃખી પણ રહી ગયો હતો. કહ્યું છે કે, ચંદ્રમાં શીતળ પ્રકાશ છતાં કલંકિત છે અને સમુદ્ર પાણીથી સંપૂર્ણ ભર્યો છતાં ખારો છે તથા અન્નને ચૂલે ચડવાનો સ્વભાવ છતાં પણ કોરડુ મગ સદૃશ હોવા છતાં સીજતો નથી અને અભવ્ય સઘળી સામગ્રી મેળવવા છતાં પણ શ્રદ્ધાના અભાવે મોક્ષમાં જઇ શકતો નથી, તેમ આ રાજાની સંપૂર્ણ કૃપા પ્રજા ઉપર છતાં પણ એક બ્રાહ્મણ પુત્ર **અગ્નિશર્મા** દુઃખી રહેલો હતો તેનો બાપ પુરોહિત **યજ્ઞદત્ત** નામે હતો જેની ભાર્યા સોમદેવા હતી તે બંન્ને સુખી અને સુશીળ હતાં છતાં પણ અશુભ કર્મના ઉદયથી તે પુત્ર ઉત્પન્ન થવાની સાથે દિનપરદિન તેઓ અધમઅવસ્થા પામી ગયાં હતાં. પૈસાની પાયમાલી થવાથી દારિદ્રતાના દુઃખથી તે જોડું પરલોકમાં સીધાવ્યું ત્યારે આ નાનકડો નિભાંગી બાળક પાડોશીઓના આધારે ઉછેરાતો હતો, એક બાજુ રાજ્યપુત્ર યોગ્ય અધ્યાપક પાસે વિદ્યાકળા શીખતો હતો ત્યારે આ બિચારો કમનશીબ બાળક જ્યાં ત્યાં રખડી પોતાની બાલ્યાવસ્થા પૂરી કરતો હતો તેવામાં બંન્નેનો એક વખત અચિંતો મિલાપ થઇ ગયો.

## પાપોથી દુર્ભાગ્યતા.

યદા પાપનો પૂર્ણ ઉદય થાવે,
તદા પુત્ર નિર્ભાગી તો પેટ આવે;
મરે માત તાત થતી લક્ષ્મી દૂરે,
પછી કેમ કુરૂપીને શાંતિ ઉરે.

કુદરતનો એવો સ્વભાવિક નિયમ છે કે નાનું બાળક સૌને પ્રિય લાગે પણ જો બાળકનો ચહેરો બેડોળ હોય કે તેના મોઢામાંથી લાળ પડતી હોય, નાકમાંથી મળ નીકળતો હોય, આંખમાં પીયા બાઝ્યા હોય, શરીરે મેલના પોપડા બાઝ્યા હોય, વાળનાં જટીઆંમાં જુઓ પડી હોય, તો તેના સામું કોઇને દેખવું ગમતું નથી તેના કરતાં જો એક કુતરીનું નાનું બચ્ચું હોય કે બકરીનું બચ્ચું હોય તેના ઉપર માણુસને વિશેષ પ્રીતિ થાય છે તેનું કારણ એ છે કે જેની સંભાળ લેનાર માતા જીવતી છે તો બનતી મહેનને મોઢેથી ચાટી ચાટીને પણ પશુ પોતાનાં બચ્ચાંને સ્વચ્છ રાખે છે પણ જે નિર્ભાગી પૂર્વે પાપ કરી જન્મ્યો હોય તો તે મનુષ્યપણે જન્મ્યા છતાં પણ તેની સંભાળ રાખનારાં માતાપિતા, તે ઉદરમાં આવતાં લક્ષ્મીનો નાશ થવાથી સંસારના કાર્યમાં ધનવિના ચાલતું ન હોવાથી રાત્રદિવસ ચિંતામાં બળતાં રહે છે અને જ્યારે તે નિર્ભાગી જન્મે છે ત્યારે વિના પૈસે માતાને પૂરો ખોરાક પણ મળતો ન હોવાથી તથા પુત્ર જન્મમાં કાંઇપણ દ્રવ્ય ખર્ચ્યાવિના ચાલે તેમ ન હોવાથી દેવું કરીને લોકમાં લાજ રાખવી પડતી હોવાથી વ્યાજ ચડતું રહે છે અને પિતાને કમાણી ન મળવાથી પાણી વિના જેમ વેલો બળી જાય તેમ માતા પ્રથમ મરે છે અને લક્ષ્મીના તથા અર્ધાંગનાના અભાવે દુઃખથી રીબીરીબીને પિતા પણ પરલોકમાં જાય છે ત્યારે તે નિર્ભાગી બાળક બાકીનાં પાપ બરોબર ભોગવવા માટે જીવતોજ રહે છે. તે સમયે જેઓ તેનો સઘળો અધિકાર જાણુતા હોય તે તો તેનું મોઢું જોવા પણ ઇચ્છતા નથી કારણ કે તે નિર્ભાગીનું મોં જોવાથી અન્ન પણ ખાવા મળતું નથી તેવી લોકોમાં વાતો ચાલે છે, સિવાય તેનાં માતપિતાને મરવાનું કારણ થવાથી હત્યારો કહેવાય છે તથા ઘરના વૈભવ ને નાશ કરનારો હોવાથી અપુણીઓ ( નિષ્પુણ્ય ) કહેવાય છે. આતો તેના જાણીતાથી તિરસ્કાર તે બાળક પામે પણ જે તેને જાણુતા ન હોય તેઓ પણ એકાંત કુરૂપથી નિર્ભાગી તરીકે ઓળખી તેના સામે તિરસ્કારની દૃષ્ટિ કરી કે દૃષ્ટિ ખેંચી ઉપેક્ષા કરી ચુપચુપ ચાલ્યા જતા છતાં પણ દુનિયામાં સઘળા મનુષ્યો એકસરખા કઠોર હૃદયવાળા નથી. કેટલાક લોકો કોમળ હૃદયવાળા પણ હોય છે તે તો અપશુકનને ગણુતા નથી તેની મલીનતાને ધિક્કારનાર નથી ને તેના હત્યારાપણા ને કે તેના અપુણ્યપણાને હૃદયમાં લેખવતા નથી પણ ફક્ત પરોપકાર કરવો એજ મનુષ્ય જીવનનું સાફલ્ય સમજે છે. તેવાઓએ પૂર્વે કહેલા તે બ્રાહ્મણ પુત્ર **અગ્નિશર્માને** ઉછેર્યો હતો, ખાવાપીવાની તથા રહેવાની તથા ઓઢવાપાથરવાની તેને તજવીજ કરી આપી હતી તેમ ભણાવવા સગવડ કરી આપેલી હતી છતાં પણ તે નિર્ભાગીને વિદ્યા મળવી મુસ્કેલ હતી તેથી ઘણોકાળ રખડવામાંજ તેનો જતો અને તેવા રખડેલ છોકરાની ટોળી પણ કયાંક મળી આવતી તો તેમાં આખો દિવસ તથા મોડી રાત્ર સુધી ભટકતો રહેવાથી તેના પાળક પરમાર્થીને ત્યાં જવાનું પણ ભૂલી જતો તેથી તેઓએ પણ તેને ઉમર લાયક થએલો જાણી તથા મુર્ખ જાણીને તેની ઉપેક્ષા કરી સંભાળ લેવી મૂકી દીધી હતી.

# ચોમાસામાં ખાસ કરીને અને બીજા મહિનાઓમાં ખરા જૈનોએ શું ખાવું અને શું નહિ ખાવું?

( લેખક--સાંકરચંદ માણેકચંદ. ઘડીઆળી, મુંબઇ )

જૈનધર્મ દયાના સિદ્ધાંત ઉપર રચાયલો છે એતો દરેક જૈન સમજે છે તે છતાં જે જૈન સમુહની વચ્ચે જૈનો રહે છે તેની કેટલીક એવી અસરો તેઓ ઉપર થઇ છે કે જે માટે દિલગીરી થયા વગર નહિ રહે! જૈનો અને બીજા હિંદુઓમાં ફરક શું? જૈનોની ફરજ બીજાઓ કરતાં ક્યાં વધે છે? દયાનો સિદ્ધાંત ક્યાં ક્યાં ટકે છે અને જૈનો બીજા કરતાં કેટલા વધારે દયાળુ છે એ માટે જો તપાસ કરી હિસાબ ( Percentage ) કાઢવામાં આવે તો બહુ સારૂં પરિણામ તો નહિજ આવે! બીજાઓને પોતાના ઉંચ વર્તનથી દાખલારૂપ થઈ પડવાને બદલે આપણામાં ના ઘણાક બીજાઓના ખરાબ દાખલાની અસર પોતાના ઉપર થવા દે છે અને પરિણામ એ આવે છે કે તેઓ બગડે છે. બીજાઓને ખરાબ દાખલારૂપ થઈ પડી બીજાઓને બગાડે છે, અને પોતાના વારસોને માટે નહિ ઇચ્છવાજોગ વારસો વ્યસનો અને અનાચાર મુકી જાય છે.

આ સઘળું ઇચ્છવાજોગ તો નથીજ, પણ દેશ, કાળ, એવો વર્તે છે કે તેમાં સુધારો કરવાનું કામ ઘણું મુશ્કેલ થઇ પડે છે. શું કરવું? કયે રસ્તે જૈન સમુહને અસ્નાચારમાં જતો અટકાવવો-કયે રસ્તે જનસમુહને ઉંચ આહાર ખાતો કરવો—" આહાર તેવો જ ઓડકાર " એ કહેવત અનુસાર આહારની અસર દરેક ઉપર થતી હોવાથી જનસમુહને ઉંચ આચાર અને મજબુત શરીરવાળો કેમ બનાવવો? એ સવાલો દરેક વિચારશીળને તો પળે પળે ઉત્પન્ન થાય છે, પણ જનસમુહને કેળવવા માટે વિચારો કેવી રીતે ફેલાવવા, તે પ્રશ્ન ઉત્પન્ન થતાં ત્યાં મગજ કામ કરતું નથી અને હૃદયમાં અગ્નિનીજ જવાળા સળગે છે! સાધુઓ, વ્યાખ્યાનકારો અને ભાષણ કર્તાઓ એ સંબંધમાં ઘણું કરી શકે એમ છે? પણ આ કાળના મોંઘવારીના જમાનામાં, ઘણાઓ તેઓને સાંભળવાની પુરસદ, અનેક ઉપાધીઓના સબબે ધરાવતા નથી અને જેઓ તેવી ફુરસદ ધરાવે છે, તેઓને તેવા વ્યાખ્યાનકારોના વ્યાખ્યાનો સાંભળવા ઇચ્છા થતી ન હોવાથી, તેઓની અસર બહુ થતી નથી. એવા સમયે પુસ્તકો ઘણા ઉપયોગી થઇ પડે છે અને જેઓ પુસ્તકો ખરીદી શકતા નથી તેઓને માટે **માસિકો** કેટલીક રીતે ઘણા ઉપયોગી થઇ પડે છે, એમ મને ખાત્રી હોવાથી આ લેખ "**બુદ્ધિપ્રભા** " માટે લખ્યો છે. તેમાં જૈનોએ મજબુત શરીર અને મનવાળા થવા ઇચ્છનારે શું ખાવું અને શું નહિ ખાવું તે ટુંકમાં બતાવવામાં આવ્યું છે અને જેઓને વધુ ખુલાસો જોઇતો હશે તેઓ તરફથી તેનો ખુલાશો મંગાવવામાં આવતાં બનતો દરેક ખુલાશો આપવામાં આવશે. આમાંની ઘણીક બાબતો **"અભક્ષ્ય અનંત કાય વિચાર"** નામના પુસ્તકમાંથી લીધેલી છે અને કેટલીક બાબતો અનુભવેલી છેઃ—

**અભક્ષ્ય એટલે જે જૈનોએ કદીપણ ખાવા નહિ જોઇએ તેવા પદાર્થો.**

૧ **મદ્ય**—અનેક જીવોને ત્રાસ આપ્યા પછીજ મળે છે તેથી.

૨ **મદિરા**—અનેક જીવોની હાની કર્યા પછી બને છે તેથી.

**૩ માંસ—કોડલીવર ઓઈલ** મીશ્રીત દવાઓ એક્ષ્ટ્રેક્ટ **ઑફ બીફ** વગેરે અંગ્રેજી દવાઓ વગેરે કારણ પ્રત્યક્ષજ છે.

**માખણ**—એમાં અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મ તદ્વર્ણીજીવો ઉત્પન્ન થાય છે.

**બરફ**—એમાં પાણીના અસંખ્ય જીવોને એક ઠેકાણે બાંધીને બનાવવામાં આવે છે તેથી.

**બરફના ઉપયોગથી બનતી ચીજો**—આઇસક્રીમ, આઇસક્રીમ સોડા, આઇસ સોડા સરબત, કુલફી, આઇસપાણી; કેમકે તેમાં અનેક એકેંદ્રી જીવોની હાની થયા બાદજ તે ચીજો તૈયાર થાય છે.

**કાચું મીઠું**—કારણ કે તેમાં અસંખ્ય જીવ છે.

લાલચોળ શેકીને કરેલું અચિત મીઠું ચોમાસામાં સાત દિવસ, શીયાળામાં પંદર દિવસ અને ઉન્હાળામાં એક મહિના સુધી. અચિત મીઠું—કેટલાક વરસ સુધી અચિત રહી શકે છે. ભઠ્ઠીમાં પકાવેલું અચિતમિઠું કેટલાક વરસ સુધી રહી શકે છે.

**બોળ અઠાણાં**— ત્રણ દિવસ બાદ તેમાં બે ઇંદ્રિય જીવ ઉત્પન્ન થાય છે.

**ગુવાર, ગુંદાં ડાળાં, ચીભડાં, મરચાં,** વગેરેનાં અઠાણાં એકજ દિવસમાં અભક્ષ્ય થાય છે. મીઠાના પાણીમાં આઠીને બનાવેલા મરીનું અઠાણું બોલે છે. બરોબર સુકાયલી નહિ એવી કેરીઓનાં અઠાણાં બોળો છે-એટલે કે તેમાં ચોથા દિવસથી બે ઇંદ્રિય જીવ ઉત્પન્ન થાય છે.

**ઉકાળ્યા ( માત્રજરા ગરમ કરવુંએ નહી ) વગરનાં** દહીં, દુધ સાથે કોઇપણ જાતના કઠોળ, દાળ, પાપડ, સીંગફળીઓના શાક, વડા, સેવ. વગેરે ખાવાથી બે ઇંદ્રીય જીવ ઉત્પન્ન થાય છે તેથી ઉકાળ્યા વગરના દુધ કે દહીં સાથે તેવી ચીજો ખાવી તે અભક્ષ્ય છે.

**બહુ બીજવાળાં ફળ**—જેવા કે વેગણ-કેમકે તેમાં જેટલા બીજ તેટલા જુદા જુદા જીવ હોય છે તેથી.

**જલેબી—જુદી જુદી જાતના હલવા** વગેરે—કેમકે તેમાં વાસી આટો હોય છે, અને હલવા માટે તો આટાના લોટનો સત્વ કાઢવા માટે આટાને સડાવવો પડે છે.

**માવો** અને તેમાંથી બનતી જુદી જુદી ચીજો—પેંડા બરફી વગેરે બીજે દિવસે વાસી થવાથી અભક્ષ્ય થાય છે. દુધપાક બાસુદી શ્રીખંડ ખીર દુધ મલાઈ માટે પણ તેમજ છે.

**દહીમાં મેળવેળ ભાત** જો ચાર આંગળ તરતી છાશમાં ( સારી જાડી છાશમાં ) દુબાવવામાં આવ્યો નહિ હોય તો તે તેમજ તેમાંથી બનતા પદાર્થો અભક્ષ્ય થાય છે.

**બળી**— ગાય અથવા ભેંસને પ્રસુતિ થયાબાદ કેટલાક દિવસ તેનું દુધ લેવું કલ્પતું નથી તેથી તેમાંથી બનતી ચીજો પણ અભક્ષ્ય છે.

**કંદમૂળ**—કારણ કે કંદમૂળના એક સોયની અણી જેટલા ભાગ ઉપર પણ અનંત જીવ હોય છે.

ખાસ ચોમાસામાં વર્જવા યોગ્ય **ખાવાના પદાર્થો:**—ખજુર, તલ, ખસખસ, ખારેક, બદામ, પીસ્તાં, ચારોળી, દ્રાક્ષ, અખરોટ, કુકણીકેળાં, જરદાળુ અંજીર, મગફળી, સુકું કોપરૂં, સુકી રાયણુ, કાચી ખાંડ, તથા સુકવણી, પોંક, વગેરે તદન ત્યાગ કરવા કેમકે એ મુદતમાં એ ચીજોમાં ત્રસ જીવ, લીલફુલ અને ઇયલોની ઉત્પત્તિ થાય છે. ચોમાસામાં દરેક જાતનાં પાન, દરેક જાતની ભાજી, અને ભીંડા, કંટોળા કારેલાં તુરીઆં વગેરેમાં પણ ત્રસ જીવો ઉત્પન્ન થાય છે અથવા તેનો ઉપયોગ કરતાં ત્રસ જીવોનો નાશ થાય છે તેથી તે નહિ વાપરવા.

---

# स्त्रीकेळवणीनी अगत्य.

( લેખક—માસ્તર ભોગીલાલ મગનલાલ શાહ–ગોધાવી )

( અનુસંધાન અંક ચોથાના પાને १०८ થી. )

સામાજીક પરિસ્થિતિ સમાજ(જનસમુહ)ના સંસર્ગદ્વારા મનુષ્યને કેળવવામાં અસર કરે છે. મનુષ્ય જેકોમમાં જન્મે છે તેના સંસર્ગ, રીતભાત–વગેરેની અસર તેના ઉપર થાય છે. દૃષ્ટાંત તરીકે એક જૈનબાળક જન્મથીજ દયા આદિના ગુણો ગળથુથીમાં લેઇને જન્મે છે, અને જૈન આલમમાં ઉછરવાથી તે ગુણો તેનામાં દ્રઢ થાય છે. એથી ઉલટું નીચ કોમનું એક બાળક હિંસાદિના ગુણો વારસામાં લેઇને જન્મે છે અને તેજ પરિસ્થિતિમાં વધતાં તે ગુણોની તેને પુષ્ટિ મળે છે. આ ગુણો ધર્મકર્માનુસાર જન્મથીજ મળે છે અને વયવધતાં ધર્મકર્માનુસાર જે સંયોગો મળે તે પ્રમાણે તે પુષ્ટ થાય છે. બીજી બાહ્ય પરિસ્થિતિ મનુષ્યને કેળવવાને અનેક સુધરેલી સંસ્થારૂપે દૃષ્ટિગોચર થાય છે. દેવપૂજા, ગુરૂવંદન, શાસ્ત્રશ્રવણ અને અધ્યયન ઇત્યાદિ બાહ્ય પરિસ્થિતિ વડે ધર્મ જાતિના ઉત્તમ માનસિક સંસ્કારો પડે છે. નિશાળો—પુસ્તકશાળા આદિવ્યાવહારિક જ્ઞાન આપનારી સંસ્થાઓ વડે બુદ્ધિ વિષયક અને વ્યાવહરિક નીતિ વિષયક સંસ્કારો પડે છે. ઉક્ત સામાજીક અને બાહ્ય પરિસ્થિતિ વડે સંસ્કાર પાડનારી બન્ને પ્રકારની સંસ્થાઓ ન હોય તો મનુષ્ય જડ અને પશુ સ્થિતિમાં રહે ! એ સ્પષ્ટ છે કે જે જંગલી પ્રજાઓમાં પૂર્વોક્ત જ્ઞાનની સંસ્થાઓ નથી તે પ્રજા પશુ સ્થિતિમાં છે. કેટલીક પહાડી જાતો અને નીચ જાતોને આ વર્ગમાં ગણી શકાય ! તેમનામાં લેશ માત્ર વિવેક શક્તિ હોતી નથી. વ્યવહારમાં પણ એમ દૃષ્ટિગોચર થાય છે કે જે જે સ્થળે નિશાળો હોતી નથી ત્યાંના લોકો અભણ અજ્ઞાન અને વહેમી માલુમ પડે છે. ધર્મ જાતિના માનસિક ગુણોના વિકાસનું પણ એમજ છે. જ્યાં જ્યાં સાધુ મુનિ વર્ગનો સમાગમ બહુ અલ્પ હોય તેમનામાં અવબોધ બહુ અલ્પ જણાય છે. તેમને સારા સારનો વિચાર હોતો નથી, તેઓ અનીતિ, અસત્ય, અતિલોભ, ક્રોધ, દ્વેષ, વૈર, ઇર્ષ્યા આદિના પ્રવાહમાં તણાઇ દુઃખી થાય છે, ધર્મ ધ્યાનવડે પ્રાપ્ત થતી શાન્તિનું અદ્વિતિય સુખ ગુમાવે છે અને નિરંતર દુર્ધ્યાનથી ચિત્તને કલુષિત કરે છે. આર્ય દેશ અને અનાર્ય દેશ આવો ભેદ ધર્મની સુલભતા અગર દુર્લભતાના યોગેજ પડેલો છે. જેઓ પૂર્વોક્ત-ધર્મ નીતિની પરિસ્થિતિમાં મુકાયા છે તેઓનોજ જન્મ સાર્થક છે અને

ખરું સુખ પ્રાપ્ત કરે છે. એજ ઉત્તમ પ્રકારની કેળવણી છે અને જ્યાં સુધી તે કેળવણી યથાયોગ્ય પ્રાપ્ત કરી ન હોય; ક્ષમા, શાન્તિ, દયા, પરોપકાર આદિના ઉત્તમ ગુણોનો આવિર્ભાવ થયો ન હોય ત્યાં સુધી કેળવણીનું કાર્ય પૂર્ણ થતું નથી.

(૬) "કેળવણીની સંસ્થાઓનો આશ્રય લેવાની આવશ્યકતા" દરેક મનુષ્યમાં સ્વાભાવિક રીતે સારા સંસ્કારોનો આવિર્ભાવ થવો કઠિન છે. જેથી તેને પદ્ધતિસરની, સુધરેલી, જ્ઞાનની સંસ્થાઓનો આશ્રય લેવાની જરૂર પડે છે. આ સંસ્થાની સ્થાપનાનો અગર હયાતિનો જે હેતુ હોય છે તે હેતુને લક્ષમાં રાખી તદનુંકુળ ઉત્તમ સંસ્કારો મનુષ્યપર પડે તેનેજ કેળવણી એવું નામ આપી શકાય! પણ માત્ર લેખન કે વાચનના છાછરા જ્ઞાનનેજ કાંઇ કેળવણી કહી શકાય નહિ. કેળવણીનું ફળ ઉત્તમ ગુણો અને સંસ્કારોના સંભાર ઉપરથી દ્રષ્ટિગોચર થાય છે.

(૭) "કેળવણી આપનારી સંસ્થાઓના લાભો" પૂર્વોક્ત કેળવણીના નામને સાર્થક કરે તેવી સંસ્થાઓનો લાભ આપણે આપણી બાળાઓને–કેળવણીનો ઉદ્દેશ લક્ષમાં રાખીને આપવો જોઇએ. આપણું દ્રવ્ય નિરર્થક ન જાય, અને ગર્વિષ્ટ નામ ધારક સંસ્થાઓ ઉઘાડી તે વડે ઉદ્દેશને લક્ષમાં ન રાખતાં સાધ્યની કલ્પના કરવી વ્યર્થ જેવું છે. સારી કેળવણી આ રીતે ફલદાતા થાય છે. દયા, નમ્રતા, સત્ય પરોપકાર આદિના ઉત્તમ સંસ્કારો મન પર પાડે છે અને ઐહિક અને પરંપરાએ આમુષ્મિક જીવન સુખી બનાવે છે. આ હેતુથીજ ને પોલીઅને કહ્યું છે કે.

કહે નેપોલીઅન દેશને, કરવા આબાદાન;<br>
સરસ રીત તો એજ કે, દ્યો માતાને જ્ઞાન.

જૈન શાસ્ત્રો સૂચવે છે તેમ ઘણી સ્ત્રીઓ પોતાના જ્ઞાન, શિલ, (ચરિત્ર) વડે પોતાનાં નામ અમર કરી ગએલી છે. તે સર્વ પ્રતાપ ઉત્તમ ધર્મ નીતિની કેળવણીનો છે. અનેક મહાત્માઓ, વીર પુરૂષોની માતાઓએ પુત્ર રત્ન પ્રસવ્યા છે કે જેઓ નામ અમર કરી ગયા છે. ઉત્તમ પુરૂષો ઉત્તમ માતાના ઉદરમાં જન્મ લેછે. ઉત્તમ માતા પાસેથી ઉત્તમ સંસ્કારો મળે છે કે જે સંસ્કારો ક્રમશઃ વૃદ્ધિંગત થતાં વીર પુત્રોમાં ઉત્તમ રૂપે પરિણમે છે. આથી સ્ત્રીઓને કેળવવાની ખાસ અગત્ય છે. આપણા જૈનોમાં સાધ્વીઓનો પવિત્ર વર્ગ છે. તેઓ પણ જૈન સમુહની સ્ત્રીઓનું ધર્મનીતિ વિષયક ચરિત્ર ઘડવામાં ઉપયોગી કામ કરે છે. તેમના સહવાસમાં સ્ત્રીઓ સંસારની વિકથા ત્યજી ધર્મ ધ્યાન કરે છે.

૮ "જૈન વર્ગની સ્થિતિ": વાસ્તવે સ્ત્રી વર્ગનો મોટો ભાગ નિરક્ષર છે. સ્વભાષાનું જ્ઞાન તેઓ નહિવત્ ધરાવે છે. લેખન વાચન જાણે તેવી સ્ત્રીઓજ જ્યારે બહુ અલ્પ પ્રમાણમાં છે તો તે લેખન વાચનના જ્ઞાનને સાર્થક કરવા પુરતી કેળવણીની તો વાતજ શી કરવી! જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં ગૃહસંસારના સુખ અને સ્વસ્થતાની આશા રાખવી એ વ્યર્થ છે. માનસિક શક્તિઓ વિકાસની અને શાન્તિ સ્વસ્થતા, ઔદાર્ય, ધીરજ, દયા, ક્ષમાઇત્યાદિ ઉત્તમ ગુણોના આ વિર્ભાવની સ્વાભાવિક ગુણોવિના આશા રાખવી એ સ્વપ્ન તુલ્ય છે. આપણો સ્ત્રી વર્ગ અશિક્ષિતહોવાથી આપણો સંસાર કલુષિત થાય છે અને કેળવણી આપનાર સંસ્થાઓની અસર તેમનાપર બહુજ અલ્પ પ્રમાણમાં થાય છે. બળવાન જૈન સાહિત્ય, તેમાંના પ્રસ્તાવિક બોધ વાળા અને ઉપદેશ ગર્ભિત કથાનકો અને ચરિત્રો પણ અશિક્ષિત સ્ત્રી વર્ગપર તેમની બુદ્ધિની

શક્તિનો વિકાસ ન થવાથી તેમના પર ઉંડી અસર કરવામાં સફળ થઈ શકતાં નથી. ગરીબ ત્યાગ વૈરાગ્ય વાળું જીવન ગાળનાર સાધ્વીશ્રીઓનો સંસર્ગ તેમને જલદી અસર કરી શકતો નથી. આ સર્વ બાબતો જોતાં સ્ત્રી કેળવણીની ખામીથી આપણો જૈન સમુદાય બહુજ પછાત સ્થિતિમાં છે. બાળકોને સારી રીતે સુધારવા માટે ગૃહસંસારને સુખી અને આનંદનું સ્થળ બનાવીને અને આ સંસારનો પ્રવાસ સરળ કરવાને એ અત્યંત અગત્યનું છે કે સ્ત્રીઓને શારીરિક, માનસિક અને નૈતિક કેળવણી આપવી જોઈએ. પુરૂષોના અજ્ઞાનને જો ભયંકર શત્રુ સમાન ધારવામાં આવે તો પુરૂષ વર્ગની વૃત્તિને અંકુશમાં રાખનાર, તેને ઉછેરનાર, કેળવનાર અને સહાય કરનાર સ્ત્રી વર્ગને કેમ નિરક્ષર રાખવો જોઈએ ! જો સમાન ગુણો વાળાનોજ સંબંધ સંભવિત હોય તો એક સાક્ષર અને નિરક્ષીરનો સંબંધ કેમ સંભવી શકે ! જૈન સ્ત્રીવર્ગને સારી કેળવણી આપવાથી તેમનામાં ઉત્તમ જૈન સતી સ્ત્રીઓનાં ચરિત્રોના પુસ્તકોનો પ્રસાર કરવાથી, ધર્મનીતિ વિષયક પુસ્તકોનું વાચન વધારવાથી તેમનું–ધર્મ વિષયક નૈતિક બળ વિશેષ વધશે અને તેની ઉત્તમ અસર ગૃહસંસાર, અને કુટુંબ ઉપર પણ થશે એ કાંઈ અલ્પ લાભ નથી.

---

# दिव्य पितृ प्रेम.

## ચાલુ વાર્તા.

( ગતાંક પૃષ્ટ ૧૨૪ થી ચાલુ. )

વધી સમયમાં અકસ્માત્ ચમકતી વિદ્યુત માફક–લિલાવતિને, દરબારમાં પ્રવેશ કરતી જોઈ, સમગ્ર સભાજનો આશ્ચર્ય ચકિત થઈ ગયા. યોગીની હોવા છતાં પણ અત્યારે તેનું મુખમંડળ ક્રોધથી આરક્ત જણાતું હતું. અધરોષ્ટ ફફડી રહ્યા હતા. પવન સાથે ક્રિડા કરતા તેની ગરદન પર થઈને પહાડ પરથી પડતી નદીની માફક છાતી પર પડતા કેશ કલાપે તેની સુંદરતામાં અવર્ણનીય વધારો કરી દીધો હતો. તે ઉચ્ચ–ગૌરવર્ણ–કાંતીમાન આકૃતી મૃત્યુ લોકની જણાતી ન હતી. અપિતું–કોઈ દિવ્ય વ્યક્તિ સદ્રશ્યને જણાતી હતી. યોગીની પોતાનાં રક્ત નેત્રો મુખ્ય સામંતે તરફ વાળી તે ગંભિરતાથી બોલવા લાગીઃ––

" વિસ્મય ચકિત–સામંતો, સરદારો. પુરજનો–ને કહેવાતા રાજન ! હું કોણ તે આપ ઓળખી શકો છો કે ? પરલોક વાસી મહારાણા સજ્જનસિંહનું અમાનુષિત રીત્યા–વધ–ખુન કરી, તેની રાણિ વિમળના સૌંદર્ય લોભે વશ થઈને તે વખતે એજ મહીનાની ઉમ્મરના આ બાલ અજીતના નાશમાં પ્રવૃત થયેલા–પથ્થર કરતાં પણ કઠણ કાળજાવાળા–ખુનીઓની નજર ચુકવી–અજીત તથા રાણી વિમલ કુમારીના પ્રાણ બચાવનારી–ને તે રાજ ઘાતકી કુલાંગાર–દુષ્ટોનું વેર લેવા માટેજ, આ બાળનું પ્રાણના જોખમે પણ રક્ષણ પાલન કરનાર હું લિલાવતી છું. તે ક્રુરકર્મથી અંકિત–રક્ત પુર્ણ ચીત્રપટ પ્રત્યક્ષ નીહાળનાર જો કે બધાં અહીં નથી–તોપણ સત્ય–પ્રેમી રાજપુત વિરો અદ્યપિ મહારી નજરે પડે છે–બોલો ! તમારી નસોમાં ક્ષાત્ર લોહિ દોડી રહ્યું છે–તમારા મુખ કમલપર સત્યની સુવાસ પ્રસરી રહી છે ? જેણે તે નિચ કૃત્ય પ્રત્યક્ષ અવલોકયું છે. તે સૌ બોલો ! જે ક્રુર–અધમ–નિચ કુલાંગારો એ આ નાના સુંદર સુકુમાર બાલ પુસ્પ પર વજ્ર જેવા ઘા કરતાં જરા પણ વિચાર ન

કર્યાં–તે સર્વ આ કુમારના મસ્તક તથા ગાલપરના જખમોના ડાઘ જોઇને આ અજીત કોણ છે તે કહો. અમરરાય ! અપરાધી શોધી કહાડવો એ કામ તમારૂં છે ! ”

આનો પ્રત્યુત્તર કોઇએ પણ આપ્યો નહીં. તદન શાંતિનુંજ સામ્રાજ્ય પ્રસરી રહ્યું. પણ થોડા વખતમાંજ એક વૃદ્ધ સરદાર આગળ આવ્યો, અને લિલાવતીને પ્રણામ કરી અધોમુખ કરી બોલ્યો—“ જો કે હું ઉતરતા દરજ્જાનો માણસ છું તોપણ, મહારૂં બોલવું સત્યથી વેગળું નથીજ. લિલાવતી બાઇ હું તમોને, તમારી સ્વામિભક્તિને, ને સત્યને પ્રકાશમાં લાવી વૈર લેવાના અવિશ્રાંત પરિશ્રમને પણ જાણું છું. આ દરબારની સર્વ મંડળી અપરાધી છે, પણ તે અપરાધના મુખ્ય કર્તૃત્વ— ”

અમરરાય વચ્ચેજ બોલ્યો–“ આ નિચ મંત્રી— ”

પણ અમરરાયનું વાકય પુર્ણ થવા અગાઉ એક તેજસ્વી–યોગી તે સભામાં પ્રવિષ્ટ થયા. તેમની મુખમુદ્રા શાંતિને પ્રતિભાવથી અલંકૃત હતી. ગંભિરસ્વરથી પોતાનો હસ્ત ઉંચો કરી તે બોલ્યા. “ સત્ય મેવ જયતે ! સત્ય મેવ જયતે ! ! સત્ય મેવ જયતે ! ! ! સર્વ સતને અસત્ પક્ષના ક્ષત્રીય વિરો ! મનુષ્યની બુદ્ધિનો ભ્રંશ કરવો, તેની પાસે અનન્વિત કાર્ય કરાવવું, લોક નિંદાને પાત્ર ઠરવું, ઇત્યાદિ સર્વ પ્રકાર મનુષ્યના પુર્વ સંચય કર્મને અનુસારે થયાં કરે છે. જેણે જેવું પુર્વ જન્મે પાપ કર્યું તેવુંજ આ જન્મે ભોગવવું પડે તેમાં તે મનુષ્યનો કે બીજાનો શો દોષ ? ગમે તેવા મહાત્મા–યોગીને, ગમે તેવા પ્રબળ ચક્રવર્તીને ગમે તેવા સૌંદર્યપૂર્ણ મનુષ્યને કે ગમે તેવા વજ્રદેહિને પોતાનું પૂર્વ સંચિતકર્મ ભોગવવુંજ પડે છે. સાક્ષાત્ ભગવાનને પણ પોતાનાં પુર્વકૃત કર્મો ભોગવવાં પડ્યાં છે. તો આપણા જેવા પામરોનાં શાંગજા ? લિલાવતિ ! રાણા સજ્જનસિંહને પ્રબળ પુત્ર ઇચ્છા થઇ તે વખતેજ મ્હેં કહ્યું હતું કે–તહારા મનોરથ પૂર્ણ કરતાં કદાચીત તને કલેશ ભોગવવો પડશે. અરે કદાચ પ્રાણ સંકટ પણ ભોગવવું પડશે' તોપણ તેના આગ્રહને વશ થઇ મ્હેં તેનું ઇચ્છીત કર્યું. તેને પુત્ર થયો પણ તેમ કરવા જતાં છેવટે મહારૂં કહેવું સત્ય પડયું તેમાં અમરરાયનો દોષ નથી. તેના પૂર્વજીત પાપના લીધે તેજ વખતે તેની એવી દુર્વાસના થવી એ નિર્માણ હતું. બાકી અમરરાયનું હૃદય સાફ છે. “ બાવળ વાવીને આમ્ર સ્વાદ કોણ લેશે ? ! ! ” મનુષ્યો પૂર્વ જન્મનાં કર્મ ભોગવતાં દુખી થાય છે પણ વિચારતા કેમ નથી કે કરતાં વિચાર કરતા નથી તો ભોગવતાં શો વિચાર ! વિરો ! કર્મ ભોગવતાં ધ્યાન રાખવાનું એટલુંજ કે કર્મો ભોગવતાં અત્યંત ગૂઢ સંકલ્પ વિકલ્પ આદિ આર્ત, રૌદ્ર ધ્યાન નિમગ્ન થઇ બીજાં નવાં કર્મો ન બંધાઇ જાય ! હવે અમરરાયને લૌકિક શિક્ષા કરવી હોય તો ભલે કરો ! તે કામ તમો સર્વેએ માન્ય કરેલા તમારા નુતન રાજા અજીતસિંહનું છે. અસ્તુ. ”

“ આપે અમારા સંસય દુર કરી અમારા પર મહાન અનુગ્રહકર્યો છે. મહારાજ ! ” એમ બોલતાં સર્વેએ તે તેજસ્વી યોગીને સાષ્ટાંગ પ્રણિપાત કર્યાં. સર્વ સભા શાંત થઇ ગઇને બનતા બનાવો આતુર નજરે નિહાળવા લાગી.

અજીતસિંહ—રાણો અજીત ! હવે સર્વનો મુજરો લેતો લેતોજ સર્વની સંમત્તિથી રાજ્યાસનપર આરૂઢ થયો. લિલાવતી હવે નિરાંત થઇ. તેના આનંદની હવે પરિસીમા હતી. અથવા તો સ્વામીભક્ત સેવકનું એજ કર્તવ્ય છે. યોગીવર રાણાએ આપેલા આસન પર બેઠા. દરબારના ને નગરના સર્વ લોકો [illegible]

લાગ્યા. કુમારી લલિતા ! હવે શિક્ષાની વાટ જોવા લાગી. તે આતુર નયને અજીતના મુખ તરફ એક સરખી જોવા લાગી. તેને આશા હતી કે, આપણા પીતાને પુનઃ મંત્રીપદ મળશે. સર્વ સભા ચિત્રપટ પર આ લેખાયલી હોય તેમ જણાવા લાગી.

સંપૂર્ણ ગંભિરતાથી સહર્ષ વદને, હવે આપણો રાણો અજીતસિંહ સભાને ઉદ્દેશીને બોલવા લાગ્યો. સભાજનો ! હું રાણા તરીકે પૂર્વજોને વંદન કરીને, કંઇક બોલવા માગું છું. તમો સર્વે એ કોઈ જાતનો દગો ફીસાદ ન કરતાં, સત્યને વળગી રહી એકમતે મને રાણા તરીક સ્વીકાર્યો તે માટે હું તમો સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનુ છું અને તે પરથી તમારી સ્વામિભક્તી સ્પષ્ટ જણાઇ આવે છે. આવી રાજનિષ્ટ પ્રજાપર કયા રાણાનું હૃદય પ્રેમમય ન બને ? હું હવે અમારા કાર્ય તરફ વળું છું !

" સર્વ માન્ય, પુજનિય, વંદન એવા આ યોગીરાજે રાજઘાતકી, અપરાધીનું, આધ્યાત્મ દષ્ટિએ જે સ્વરૂપ જણાવ્યું તેમને ને સર્વેને સમ્મત છે, ને તેથીજ તેમની આજ્ઞાનુસાર લૌકિક રીત્યા અપરાધીને યોગ્ય શિક્ષા દેવી એ મહારૂં કર્તવ્ય છે. રાજદ્રોહ, રાજઘાત એવા મહા ભયંકર ગુનાહ માટે, દેહાંતને તેથી પણ વધુ ભયંકર શિક્ષા ઠરેલી છે તોપણુ આવા આનંદ પ્રિત્યર્થે, હું એવા પ્રકારની ઘાતકી શીક્ષા નહી કરતાં મંત્રી અમરરાયને, તેની વૃદ્ધાવસ્થા તરફ સાત્વિક વૃત્તિ તરફ પશ્ચાતાપ યુક્ત નિર્મળ હૃદય તરફ જોઇ હદ પારની શિક્ષા કરૂં છું. રાજઘાતકી મંત્રી અમરરાય ! તમારે અત્યારથી બે દીવસની અંદર તમારા સર્વ પરિવાર સમેત વિંધ્યાચલનું ઉલ્લંઘન કરી દક્ષિણ તરફ ચાલ્યા જવું ! ને તમારા વંશજોએ ચીતોડની હદમાં કદીપણુ પ્રવેશ કરવો નહી ! બીજા અપરાધીઓની કાલે ચોકશી થશે. ન્યાય મને આવી કડક શિક્ષા ફરમાવે તે બદલ **મને બહુ દુઃખ થાય છે પણ મહારી ફરજ** મહારે બજાવવીજ જોઇએ. " એટલુ બોલી. રક્ત. અશ્રુપૂર્ણ નયને અજીતરાણો અટકયો.

ધીમે ધીમે આનંદ તથા દુઃખના મીશ્રણથી વિચિત્ર ફેરફારવાળા ચહેરા સાથે સરદારો વિગેરે રાજ્ય મંદિરમાંથી બહાર પડવા લાગ્યા પણ પ્રેમબદ્ધ—અજીત અનુરાગીણી બાળા લલિતાના હૃદયની શી દશા ? તેણે આંસુભરી આજીજી કરતી આંખડીઓએ એકવાર અજીત તરપ જોયું ! અને કર્તવ્યનિષ્ટ અજીત ! તેની પણ તેજ દશા ! તેનાં નેત્ર કમળમાંથી પણ અશ્રુ મૌક્તિક ઝરવા લાગ્યાં. પ્રેમની આતુરતાવાળા પતંગીઆંને કર્તવ્ય બજાવવા જતાં વેઠવો પડતો તડફડાટ તેઓજ જાણે છે ! કપાઇ જતાં હૃદયોની છીન્નભિન્ન સ્થિતિ મૃત્યુ સદ્રસ્ય દુખદાયક તેમને લાગે છે —

તોપણ—કર્તવ્યથી વિમુખ નહી થનારા. રાજ્ય પ્રેમીઓનીજ બલિહારી કહેવાય ! લલિતાના સુંદર વદન કમળ તરફ જોઇને ગદગીત કંઠે અજીતસિંહ લલિતા કિંવા યોગીરાજની લજ્જા ન રાખતાં બોલ્યો—" નિર્મળ હૃદયા પ્રેમાળ લલિત લલિતા ? એકવાર અર્પણ કરાયલું હૃદય મહારાથી પાછું નહીજ લેવાય તને અર્પણ કરેલું હૃદય તહારૂંજ છે ! તહારા શિવાય અન્ય સ્ત્રિ મહારે માતા યા ભગિની સમાન છે. આ લોકમાં નહિંતો મૃત્યુ પછી સ્વર્ગમાં પણુ આપણે વિવાહીત થઇશું ! મહારૂ સર્વસ્વ તુંજ છે ? માત્ર પિતૃ પ્રેમ અર્થેજ આપણે આ ચિર વિરહ સહન કરીશું ! ! ! " શ્રાવણ—ભાદરવાનો વર્ષાવ કરતી—આંખડીઓ એ

સુસકારા નાંખતો– પ્રણુય ભંગ અજીત બોલતો બંધ પડયો. તેનો નિશ્ચય અતિ દ્રઢ જણાતો હતો !

સ્તબ્ધ થઈ ગયેલી લિલાવતિ–સખેદાશ્ચર્ય મુદ્રાથી બોલી " સ્મૃતિ નષ્ટ અજીત ! તેં પ્રેમાધિન થઇને આ શો કુળનાશ કર્યો ! તમો વિવાહીત કેમ થતા નથી ?

" માત્ર પિતૃ પ્રેમ અર્થેજ ! ! ! તેની સાથે વિવાહીત થવું એ ન્યાયથી વિરૂદ્ધ છે. કારણુ તે અપરાધીની હદ્દ પાર થયેલી કન્યા છે ! તેને શિક્ષા ન કરૂં તો પિતૃ આજ્ઞા પિતૃ પ્રેમ–તથા ન્યાય આડો આવે છે ! અને અમારાં બેનાં હૃદયો અરસપરસ સંલગ્ન થયેલો હોવાથી હું તે અન્ય રમણિને અર્પણ કરી શકતો નથી. હૃદયના–ભાગ થઇ શકતા નથી. આપેલું પાછું લઇ શકાતું નથી. બહેત્તર આપવુંજ નહીં ! પણુ કુદરતની આજ્ઞાનુસાર આપ્યું તો મરણાંત તે પાછું કેમ લેવાય ? " Lone is not love, which alters, when alterationd find ? એ સ્મૃતિ વાકય અહીં સત્ય નિવડયું.

" પણુ અજીત ! તહારૂં જીવન રમણિ વિના કેમ જશે—? "

" એકમેકનું સ્મરણુ કરતાં કરતાં વિરહમાં જીવન ગાળશું ? " સ્થુળ પ્રેમ કરતાં સુક્ષ્મ પ્રેમ અમોને વધુ આનંદ આપશે. શરીરોથી અમો વ્યક્ત છીએ. હૃદયો તો અમારાં સંલગ્ન અવ્યક્તજ સદોદિત રહેશે પુજ્ય લિલાવતિ બાઇ ! ! !

લિલાવતિનાં વિશાળ નેત્રમાંથી ઉષ્ણુ વારી પ્રવાહ ગાલપર થઇને સરી પડવા લાગ્યો. યોગીવર વિરક્તપણે બોલ્યા " લિલાવતિ ! આ સર્વ ઉદાત્ત પ્રેમના ચાળા છે. ચાલ–આ પ્રેમ–દુઃખ–વિરહમય જગતમાંથી આપણે ન રહેતાં–હિમાલયના અતિ ઉચ્ચ શિખરપર–પ્રભુ સ્મરણુમાં દિવસ ગાળીશું–તે વધુ શ્રેયસ્કર છે ! આ જગતમાં હવે આપણું કર્તવ્ય પૂર્ણ થયું છે. "

લિલાવતિ કંઇ પણુ ન બોલતાં એક દુઃખનો નિશ્વાસ નાંખી, તે તેજસ્વી પરમયોગીના પાછળ ચાલવા લાગી. તે જોઇ અજીતસિંહથી રહેવાયું નહીં ! તે નાના બાળકની પેઠે રડવા લાગ્યો. આ જગતમાં તેની માયાનું માણુસ એક લિલાવતીજ હતી. અજીતે તેની પાસે જઇ તેના ચરણુ મજબુત પકડયાને બોલ્યો. " માતા ! તહારા શિવાય મહારૂં અહીં કોઇ પણુ છે કે ! આ દીન અજીતપર ક્રોધે ભરાઇ ચાલ્યા જવું એ શું તેને ઉચીત છે ? મહારી શી દશા ? મહારૂં કોણુ ! માતુ ! તું ના જતીરહે ! મહાત્મા એટલો અનુગ્રહો ! દયા કરો !

આ ઉપરથી લિલાવતિ બોલી ! " બાળ અજીત ! હું ત્હારાપર ગુસ્સે નથી, મને આ સંસારપર હવે ધીક્કાર આવ્યો છે. તું સુખે રાજ્ય કર !"

લિલાવતિ પાછું જોતી જોતી છેવટ ત્યાંથી નીકલી ગઈ, અજીત વિલા મુખે ત્યાંથી પાછો ફર્યો, લલિતા પણુ અશ્રુ વિસર્જન કરતી કરતી ત્યાંથી ચાલીગઇ.

* * * *

અંધારી રાત્ર ! આકાશમાં કૃષ્ણુમેઘ માળાની વિલક્ષણુ ગર્દિ થઇ રહી હતી તેમાં પણુ નિબીડ અરણ્ય વાયુ તદન શાંત હતો. વિદ્યુત કવચિત ચમકી ચમકાવતી હતી. વચ્ચે વચ્ચે એકાદ હિંસક પશુની વિકાળ ગર્જના સંભળાતી હતી. શાંતિમય જગત્ ! એટલામાં આર્ત સ્વરે કોઇ કોઇનો વિરહ ગીત, સંગીન આલાપ રેલાતો હોય તેમ જણાયું ! ના !

ના ! જણાયું કેમ ! સાક્ષાત્ હવે તો તે સંભળાય છે. એક ચિર વિર ઢીણી રમણિના કોમળ કંઠમાંથી નીકળનાર તે સંગીત આલાપ આખા અરણ્યને રૂદન કરાવી રહ્યો છે. પશુઓ પણ સ્થંબી ગયાં છે. વનતરૂઓ ડોલતાં અટકી ગયાં છે, સાંભળો ! આલાપ બંધ પડયો કોઇ વાર્તાલાપ કરે છે !

"બાળ લલિત તું આમ શોક કેમ કરે છે વારૂં ? વન પ્રાંતમાંથી ધ્વની થયો. પિતૃ પ્રેમ માટેજ !!!"

*     *     *     *

વાંચક અત્રે આપણી વાર્તા સંપૂર્ણ થાય છે. પિતૃપ્રેમ ! દિવ્યપિતૃપ્રેમ ! તારાં શાં ગાન કરૂં ? પ્રેમ બંધન જેવો સજડ બંધ પણ પિતૃપ્રેમે ઢીલો કર્યો. તેવા પિતૃપ્રેમને નમન ! એવા પિતૃપ્રેમ રાખનાર સુપુત્રોને નમન ! ધિક્કાર ! માત્ર પિતા માતાના ની ભક્તિથી બેનસીબ–સામા થનાર તેમને દુભવનાર તેમની આજ્ઞા નહી માનનાર કુપુત્રોને !

**શાન્તિ ! શાન્તિ !! શાન્તિ !!!**

# कर्तव्य शीलता.

( લેખક. શેઠ. જેશીંગભાઇ પ્રેમાભાઇ કપડવણજ. )

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૨૦થી )

દુઃખ આવે દુઃખ માની રોવું નહિ જોઇએ પણ શાંતિથી પ્રયત્નશીળ થવું જોઇએ. પ્રયત્ન એજ આગળ વધવાનુ સાધન માનવુ જોઇએ. તેને હઠાવવા નસીબપર આધાર રાખી બેસવું નહીં જોઇએ. સુખ થઇ જાય ત્યારે અભિમાનમાં ગરકાવ ન થઇ જવું જોઇએ નહીં તો અભિમાન સર્વ મેળવેલી વસ્તુનો નાશ કરી નાંખશે, માટે અભિમાની તો થવુંજ નહિ, ઇષ્ટકાર્ય કર્યા કરવું અને દરેક કાર્ય કરતાં પહેલાં તેના ફળનો ઇષ્ટા નીષ્ટનો વિચાર કરવો જોઇએ.

**નિશ્ચિંતાથી સર્વ કાર્ય પાર પડે છે.** ચિંતા તો અવળી દુઃખજ દે છે માટે ચિંતાને બીલ કુલ હ્રદયમાં સ્થાન આપતા નહિ. જો તેને સ્થાન આપશોતો સર્વ તમારૂં બળ હણાઇ જશે. જેથી તમો કોઇ પણ કાર્ય કરી શકશો નહિ. મન નિર્બલ થઇ જશે માટે ચિંતાને તો અવશ્યે તજીજ દેવી. જે માણસો વ્યવહારમાં આવું વર્તન રાખે છે તેઓજ અમરૂ કીર્તિ તેમની પાછળ મુકી જાય છે. વગર માગેજ તેમને તે મળે છે માટે કીર્તિના લોભને લેઇ અમુક કર્તવ્ય કરવું તેમ નથી પણ નિસ્વાર્થતાના વિચારથીજ કાર્ય કરવું. જો કે અમુક કર્તવ્ય કરતાં કંઇ પણ સ્વાર્થ સધાય છે પણ મનમાં તે વિચારને સ્થાન આપવું એ ફળ પ્રદાતા નથી. કિર્તિના વિચાર કર્યાથી પ્રામ વ્યવહારમાં પણ બરાબર લક્ષ્ય રાખી શકાતું નથી. અમેરિકામાં **બેનજામીન ફ્રેન્કલીન** કરીને એક વિદ્વાન થયો છે કે જે નીતિને લક્ષ્યમાં રાખી પોતાનાં કાર્ય કરતો હતો અને તે એવા નિયમ પૂર્વક કરતો હતો કે જે જાણવાથી અને લક્ષ્યમાં રાખવાથી આપણા વિષયને પોષણ મળે છે માટે તે નીચે દાખલ કરેલ છે જે તેના પોતાના જીવન ચરિત્રમાં દાખલ કરેલ છે.

**મીતાહારીપણું.** પથ્ય અને પાચન થઈ શકે તેવો અને તેટલો ખોરાક ખાવો અર્થાત્ અપથ્ય અને અકરાંતિઆ કંઇ ખાવું નહિ પણ નિયમસર અને પથ્ય ખોરાક ખાવો એને મીતાહારીપણું કહે છે.

**ચુપકી** બોલવું નહિ—પણ તમને અને બીજાને જેથી લાભ થાય તેમ હોય તેવુંજ બોલવું નકામી વાતો ત્યજી દેવી.

**વ્યવસ્થા**—તમારી દરેક ચીજ તેના બરોબર સ્થાનકે હોવી જોઇએ અને તમારા ધંધાનો દરેક વખત ચોકસ હોવો જોઇએ.

**દ્રઢતા**—તમારે કરવા લાયક કૃત્ય નક્કી કરો અને જેમાં નિષ્ફળતા ન મળે તેમ કરો.

**કરકસરતા**—ખર્ચ એવું કરવું કે જેથી તમને અને બીજાને લાભ મલે પણ નકામું ગુમાવો નહિ.

**ઉદ્યોગ**—વખતનો ઘેર ઉપયોગ ન કરો. ઉપયોગી કાર્યમાં મચ્યા રહો. નિરૂપયોગી કાર્યને ત્યજી દો.

**પ્રમાણિકપણું**—કોઇને પણ છેતરતા નહિ. નિર્દોષપણે અને વ્યાજબીપણે વિચાર કરો અને તેજપ્રમાણે વર્તન કરો,

**ન્યાય**—કોઇને ખરાબ કરતા નહિ. કોઇને દુઃખ ઉપજાવતા નહિ. લાભદાયી હોય તે કર્તવ્ય કરો. જે કરવાની ખાસ અગત્ય હોય તે પણ બીજાને નુકશાન ન થાય તેવી રીતે કરો.

**હદ બહારપણું**—ગુસ્સાવાળું કર્તવ્ય કરતા નહિ, હદ બહાર જતા નહિ, બીજાને જે લાયક હોય તે પ્રમાણે તેના પ્રત્યે કૃત્ય કરો.

**સ્વચ્છતા**—રીતભાતમાં, લુગડાં લત્તાં અને શરીર ઉપરની અસ્વચ્છતાનો ત્યાગ કરો.

**ધર્મોક્ષ થાઓ**—બીજાઓ કે જેણે ઉચ્ચ જીવન ગાળ્યાં હોય તેવાંનાં જીવન તપાસો કે તેઓ કેમ કરી આગળ ચઢયા છે.

ઉપરના નિયમો બાંધી **બેનજામીન ફ્રેન્કલીન** પોતાનું જીવન ચલાવતો હતો અને એક મહાન્ પ્રખ્યાત પુરૂષ તરીકે તે ગણાતો તેથી આ દાખલો અત્ર લીધેલ છે. આ પ્રકારનું વર્તન રાખવાથી ઘણોજ ફાયદો થાય તેમ છે માટે ઉપરના સર્વે નિયમોનું પાલન કરવું એ ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાનાં પગથીઆં તુલ્ય છે અને તેથી જીવનની કંઇ પણ અંશે સાર્થકતા થાય તેમ છે. પૂર્ણ સાર્થકતા તો ત્યારેજ થાય કે જ્યારે આત્મ સ્વભાવ યા સ્વ સ્વભાવમાં રમણતા થાય. જ્યારે સ્વસ્વભાવમાં રમણતા પ્રાપ્ત થાય છે ત્યારે જીવો પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે. આ ઉપરના નિયમોના પાલનથી તેનાં પગથીઆં એ ચઢાય છે અને વ્યવહાર પણ ઉત્તમોત્તમ બને છે તેમજ જીવન આનંદમય બની રહે છે માટે મારા નમ્ર વાંચક ને જણાવું છું કે પોતાનાં પ્રાપ્ત કર્તવ્ય ઉત્તમોત્તમ થાય તેવીજ રીતે દરેકે ચાલવાની જરૂર છે તેમ દરેકે આગળ વધવાની પણ જરૂર છે માટે આ નિયમોનું પાલન કરવું જેથી ભવિષ્યમાં તમને ઘણો લાભ થશે માટે દરેક બંધુએ તેનું લક્ષ્યપૂર્વક મનન કરવું. છેવટે એટલુંજ કહેવાનું કે વાંચકગણ! તમે તમારૂં પ્રાપ્ત કર્તવ્ય સાધી જીવનની સાર્થકતા કરો અને સદા સુખ શાંતિમાં મગ્ન રહો એવું ઇચ્છી વીરમું છું ને લેખની પૂર્ણાહુતી કરૂં છું. ૐ શ્રી ગુરુ:

---

# श्री महाविर जन्माष्टक.

( પાદરાકર )

( પ્રીતીની વાંસલડી વાગી. એ રાગ. )

અહો હો ! દિવ્ય દિવસ આજે !
કરે છે મોરલીઆ ટહુકાર ! અહોહો ! ૧
શિતળ સમિરે, તરુવર ડોલે,
પુષ્પ તણો ધરી સાજ;
મંદ સુવાસ પ્રસારી દીધી,
એ સૌ શાને કાજ ? ! ! અહોહો ! ૨
અવનિએ ધરી નવલિ સાડી,
પર્જન્યે વર્ષિ આલી;
મૌક્તિક સમ, વર્ષા બિંદુડાં,
વેલડિઓ રહી મહાલી ! અહોહો ૩
દેવદુંદુભિ ક્યાં ગર્જે છે ?
દિગ્ કુમરિ ક્યાં જાયે !
દેવ દેવિઓ, ઈન્દ્રાદિ સૌ,
કેમ અતિ હરખાયે ? ! ! અહોહો ! ૪
મંગળ વાજાં ક્યાં વાગે છે ?
ધ્વજા પતાકા ફરકે ?
ધવલ મંગલ ગાવે ગોરડીઓ,
ત્રીભુવન શાને હરખે ? ! ! અહોહો ! ૫
દિવ્ય પ્રકાશ થયો નારકીએ, !
પશુ પંખી પણ સુખીઆ. !
અવનિતલમાં, આજ અહોહો !
સ્વપ્ને નહિં કો દુઃખીઆં ! ! ! અહોહો ! ૬
ઋષિજનો સૌ ભેટણાં લાવે !
આંગણિએ ભિડ ભારે !
શુક સારીકા—મોરલીઆ ટુહુ—!
ટુહુ—ટુહુ—નાદ પ્રસારે ! અહોહો ! ૭
હા ! હા ! એતો સૌ सिध्धारथ,
રાય ગ્રહે વરતાયે !
त्रिशला नंदन विर प्रभुनो,
जन्म महोत्सव थाये ! ! ? અહોહો ! ૮

# आपणु कर्तव्य.

( લેખક. શાન્તાગવરી. કપડવણુજ )

સ્ત્રીકર્તવ્ય ઉપર મારા વિચાર દર્શાવતાં પહેલાં હું જણાવીશ કે હું કંઇ એટલી બધી વિદ્વાન્ નથી કે આ વિષય ઉપર ઉત્તમ લેખ લખી શકુ છતાં મારી મતિ પ્રમાણે જે વિચાર સ્ફુર્યા તેજ અત્ર દર્શાવીશ તેમાં કંઇ ભૂલ લાગે તો વાંચક વર્ગની ક્ષમા ચહીશ. આપણાં કૃતવ્ય સંબધી વિચાર કરતાં પ્રથમ તો આપણે મા બાપની આજ્ઞામાંજ મુકાયેલ છીએ. અર્થાત્ કુંવારિકા જીંદગી તેમની આજ્ઞા પ્રમાણેજ આપણે ગાળવાની છે અને પછી તેઓ આપણને દાન તરીકે આપેલ અર્થાત્ આપણને લગ્ન સંબંધથી જોડેલ પતિની આજ્ઞામાં ગાળવાની છે, માટે એ નીશ્ચયજ છે કે આપણા મા બાપ તથા પતિ અને તેમના સંબંધે સાસુ સસરા નણંદ તેમજ દીયર—જેઠ આદિ તેમજ મા બાપના સંબંધિ ભાઈ ભોજાઇ વડી બ્હેન આદિના યોગ્ય વિચારને અનુકરણ કરી આપણે આપણુ વર્તન રાખવાનું છે. હવે હું પ્રથમ તો **કુંવારી સ્ત્રીઓનાં કર્તવ્ય** તરફ આપણું લક્ષ ખેંચીશ. ઉપર બતાવ્યા તે સંબંધીઓના યોગ્ય વિચારોનું અનુકરણ કરી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું, યોગ્ય અભ્યાસ કરવો યોગ્ય ગુરૂની પાસે આપણે આપણો યોગ્ય વ્યવહારીક અભ્યાસ શીખવો તથા શરીર સબંધી, મન ખીલવવાનું અને નીતિના ગુણો સંપાદન કરવા માટે યોગ્ય શિક્ષણ લેવુ જોઇએ આપણે લેખન વાંચન આદિ શીખવાથી આગળ જતાં મનને યોગ્ય વિચારમાં રાખી શકીએ છીએ. વિદ્વાન્ પુરૂષો તેમજ જનસમાજના વિચાર જાણી શકીએ છીએ તેમજ શરીર કેળવવાથી આપણે મજબુત બનીએ છીએ તેમજ શકતીવાન થઇએ છીએ. માનસિક કેળવણીથી પ્રફુલ્લતા, મૃદુતા તેમજ પ્રેમ ભાવના તેમજ નીર્મળ ભાવના ગુણને કેળવી શકીએ છીએ તેમજ ધૈર્ય, હીંમત તેમજ આનંદ આદિ ગુણમાંજ રમણતા કરી શકીએ છીએ. ધાર્મીક શિક્ષણથી આપણા વાસ્તવ ધર્મોને સમજી શકીએ છીએ તેમજ ધર્મ તત્વનાં ઉચ્ચ નિયમોનું જ્ઞાન મેળવી તેને આદરી આ લોક તેમજ પરલોક સુખ પ્રાપ્ત કરીએ છીએ. વળી જ્ઞાન ભણી આપણે ગર્વ કરવાનો નથી પણ નમ્ર ભાવે વર્તવાનુ છે વળી આપણે કુંવારી અવસ્થામાં આપણા ગૃહ કાર્યને યોગ્ય એવાં સર્વ કાર્યો શીખી લેવાની અગત્યતા છે જેવાં કે **બાળક ઉછેરવાનું, બાળક કેળવવાનું, સુવાસ્થિતિનું, ચીત્ર કળા, ગાયનકળા, સીવણ, ગુથણ, ભરત, રસોઇ બનાવવાનું અને ગૃહ સંસારને યોગ્ય સર્વે કાર્ય** શીખી લેવાં જેથી આગલ જતાં આપણને દરેક કામ સુગમ પડે અને આપણું જીવન હરેક રીતે ઉપયોગી થઇ પડે.

**હવે પરણીત સ્ત્રીનાં કર્તવ્ય** પ્રત્યે લક્ષ ખેંચીશ. પતિની આજ્ઞા પ્રમાણે વર્તવું, પતિને પૂજ્ય ગણવો. પતિ એજ સ્ત્રીઓનુ દૈવત છે. માટે તેનું મન રંજન થાય તેવુંજ કાર્ય કરવું. વાર્તા વિનોદ પણ તેવોજરાખવો, રસોઇ કરવી—સાસુ—સસરા આદિક વૃદ્ધ મંડળની સેવા કરવી, કોઇની પણ સાથે કટુ વચન બોલવું નહિ. નોકર ચાકર હોય તોપણ તેની સાથે મમતાથી વર્તન રાખવું તેના વધુ સબંધમાં આવવું નહિ. વસ્ત્ર યોગ્ય પહેરવાં બહુ ઘરેણાં પહેરવાનો લોભ રાખવો નહિ. **ખરેખર દેહ તો ત્યારેજ શોભે છે કે જ્યારે શીલરૂપ ઘરેણુ ધારણ કરાય ત્યારે** માટે કપટ વિના શીલનું રક્ષણ થાય તેવુંજ વર્તન રાખવું.

આપણાથી વૃદ્ધનું સન્માન કરવું. નીંદા કુથલી ન કરવી. નવરાશના સમયે ઉત્તમ પુસ્તક વાંચવું. સદ્વિચારનુ સેવન કરવું, ઘરના સર સામન, નોકર ચાકર, ગાય, ઘોડા આદિ તમામની સાર સંભાળ રાખવી. વાર્તા પણ પ્રેમથી ભરેલ વચનો વાળી કરવી. પરપુરૂષ એકાંત ન સેવવુ. પતિના મીત્રો તરફ બંધુ ભાવથીજ જોવું—બાળકને કેળવવાં તેમજ રક્ષણ કરવું. લાલન પાલન કરવું. સદ્ગુણ થાય તેવોજ સંબંધ રાખવો, આપણો આચાર વિચાર એવો રાખવો કે જેને જોઈ અન્યને પણ તે આચરવાથી લાભ થાય. આપણે જેવી માબાપ પતિ, ગુરૂ વિગેરે કનેથી કેળવણી લીધી હોય તેવીજ રીતે આપણાં છોકરાંને તેમજ છોકરીઓને યોગ્ય શિક્ષણ આપવું—નીર્ભયતા, શાંતિ અને ધૈર્ય તથા હીમતવાન બને તેવાજ વિચાર તેમના આગળ દર્શાવવા. ધર્મનું પણ યોગ્ય પ્રકારે શીક્ષણ આપવું. આપણી ઉન્નતિનાં સાધનને સાધવાં. દુઃખ આવે દુઃખ ન ધરતાં સદ્ વિચારોમાં મનને જોડવું. યોગ્ય ગુરૂની સેવા કરવી કે જેથી આપણે સદ્તત્વો જાણી શકીએ. સત્સમાગમ રાખવો, આપણી બ્હેનોને પણ સારાજ વિચારવાળી થવા તેમને સુચંન કરવું. આપણા કૃતવ્યમાં પાછા ન પડતાં ઉચ્ચવર્તન રાખી ઉચ્ચ સુખની પ્રાપ્તી કરવા મથવું. ઘરના છીદ્રની વાત બ્હાર ન કહેવી તેમજ ચાકર નોકરને પણ ન જાણવા દેવી. પતિની મરજી માફક વર્તવું. તેમને યોગ્ય વિચારમાં પોષણ આપવું. અયોગ્ય વિચારને ટાળવા પ્રયત્ન શીલ થવું. બાળક બાળકોનું શુભ થાય તેવીજ રીતે તેમનાં લગ્ન આદિ વ્યવહાર કરવાં નહિ કે લગ્ન કરવાના ઉત્સાહમાં મકલાઇ જઇ નાની ઉમરે ગમે તેવા અયોગ્ય પતિ સાથે લગ્ન કરી દેવાં. પતિ કદાચ અભણ મળ્યો હોય તો તેને કેળવવો. તેને સુધારવા પ્રયત્ન શીલ થવું જેથી સુખની પ્રાપ્તી થાય—આનંદની પ્રાપ્તિ થાય-તેમજ તેની પ્રત્યે અણગમો કદિ પણ ન રાખવો. વ્યવહાર રૂઢીની બાબતમાં પણ લાભ હાનીનો વિચાર કરીનેજ વર્તન કરવું. બાળકને હલકાં વેણ કદી ન કહેવાં. બાળકની યોગ્ય ઉમર થયે તેમની કૃતિની વચ્ચે ન આવવું. આવવાની કદાચ જરૂર પડે તો તેમને યોગ્ય ઉપદેશ અપાવો અપાવવો. સર્વની સાથે પ્રીતિ ભાવ રાખવો. દૈવયોગે પતિ પરલોક ગમન કરે તો આપણે આવો ઉત્તમ મનુષ્ય ભવ પામ્યા છીએ તે અફળ ન થાય એવી રીતે વિચાર રાખી દુઃખ ન ધરતાં સદા શુદ્ધ ધાર્મિક કાર્યનુ સેવન કરવું. અરિહંત ભગવાનનુજ શરણ ગ્રહણ કરવું, યથાશક્તિ પૂજા ભકતી કરવી. અભ્યાગતને ધન આપવું. દયાને સાચવી જે કાર્યનો આરંભ કરવો પડે તે કરવો—આવીરીતનાં આપણાં કૃતવ્ય આપણે સાચવી શું તો સદા આનંદ મળે તેમ છે માટે-કૃતવ્યનિષ્ઠ બની સદા આનંદને પ્રાપ્ત કરો એવી મારી બ્હેનો પ્રત્યે નમ્ર વીનંતિ છે.

---

**સૂચના**—આપણામાં ઘણેભાગે હાલમાં શ્રીમંતવર્ગમાં તેમાં વળી સ્ત્રી વર્ગમાં કેળવાયલો ભાગ ઘણોથોડો જોવામાં આવે છે. ઉપરની લેખક બ્હેન **શાન્તાગવરી** અમીન તરીકે ગણાતા મ્હેતા શંકરલાલ છોટાલાલની દીકરી છે. તથા કપડવણજના નગરશેઠ પ્રેમાભાઇ કેવળભાઇના ચિરંજીવી શેઠ. જેશીંગભાઇનાં સ્ત્રી છે. આવી રીતે શ્રીમંતવર્ગની તેમજ અન્ય બાનુઓ પોતાના વિચારો કેળવી તે પોતાની અન્ય બ્હેનોના હિતાર્થે પેપર યા માસિકોદ્વારા પ્રગટ કરશે તો આશા છે કે આપણી કોમનું ઉજ્જવલ ભવિષ્ય નજીકમાં છે એમ જણાશે. કોઇપણ વ્યક્તિ, સમાજ કે દેશની ઉન્નતિનું કેન્દ્રસ્થાન **સ્ત્રીકેળવણી** ઉપર છે. તેના માટે હાલ બે મત નથી. આવી રીતે કોઇ પણ જૈનબ્હેનો અમારા માસિકમાં યોગ નિબંધો લખી પ્રગટ કરવા મોકલશે તો અમો ઘણી ખુશીથી અમારા માસિકમાં તે પ્રગટ કરીશું.

# સ્ત્રી મહત્તા વિચાર.

( લેખક—**હિરાદેવી. સુરત.** )

જ્યારે પાશ્ચિમાત્ય પ્રજા તેમજ પૂર્વેનો સમય સ્ત્રીની મહત્તાને મોટું માન આપે છે ત્યારે આપણા કેટલાક શાસ્ત્રમાં તેમજ હાલનો સમય આપણને બીન મહત્તા અર્પે છે. નીચેના જેવા વિચારથી અને તેને લઇ આપણને યોગ્ય કેળવણી આપતા નથી તેમજ તેના અભાવે આપણે આપણા કૃતવ્ય વિચારથી જુદીજ દીશાએ દોરવાઇએ છીએ. જેમ પુરૂષને પરથમ જ્ઞાનની અગત્યતા છે તેમ સ્ત્રીને પણ પ્રથમ જ્ઞાનની આવશ્યકતા છે. સંસારમાં પુરૂષ રાજા છે તો સ્ત્રી પ્રધાન છે. જો સ્ત્રીએ સારી કેળવણી લીધેલી હોય છે તોજ તે ઉત્તમ માતા બની શકે છે. આપણામાં રહેલ મૂળ સ્વભાવિક ગુણ મૃદુતા, પ્રેમાળપણું આદિ ગુણને ભૂલી જઇ આપણે કંકાસીઅણ, પતિને દુઃખ દેનાર બનીએ છીએ. આવાજ કારણને લઇને હું નમ્ર થઇ પ્રાર્થના કરૂં છું કે જે નીચેનું રૂપ સ્ત્રીઓને અપાય છે તે કંઇ અપેક્ષાએ અને તેની કેટલી મહત્તા છે તે તથા તે વિના સ્ત્રીની અન્ય મહત્તા સબંધે વિદ્વાન પુરૂષો પોતાના વિચાર દર્શાવી પ્રગટ કરશે કે જેથી મને તેમજ મારા જેવી અન્ય ઘણીજ બ્હેનોને યોગ્ય લાભ થશે. જો કે હું મારી ટુંક સમજ પ્રમાણે ઉપરના યોગ્ય વિચાર તો આ સાથેજ દર્શાવું છું.

**નારીએ નરકનું દ્વાર** છે એ કહેવામાં શું હેતું છે. શું ? પુરૂષ નરકમાં જાય એવા હેતુને લઇ તે નારીની ઉત્પતિ છે? જ્યારે પુરૂષને માટે નરકનું દ્વાર સ્ત્રી છે ત્યારે સ્ત્રીને માટે પુરૂષ શું નરકનું દ્વાર લેખી ન શકાય ? અને જો પુરૂષ લેખી ન શકાય તો તેમાં વાસ્તવિક હેતુ શું છે ? અને વળી વધુમાં એટલું પુછું છું કે આ વિના અર્થાત્ પુરૂષ વિના સ્ત્રીને નરકમાં લઇ જનાર બીજાં કયાં કારણો છે કે જે જાણવામાં આવે તો અમો તેવા કારણથી દુર રહી ચાલીએ.

વળી કહેવામાં આવે છે કે **દારૂના સરખું મોહ કરનાર સ્ત્રી** છે. સ્ત્રીઓને કેફ ચઢાવનાર પદાર્થ પુરૂષ છે એમ શા માટે કહેવામાં આવતું નથી. જે અંશે સ્ત્રી પુરૂષને હાની કરનાર ગણી છે તેટલેજ અંશે પુરૂષ સ્ત્રીને હાની કરનાર નથી ? હું તો માનું છું કે જો પુરૂષ પદાર્થ જગતમાં ન હોત તો અમોને આટલાં બધાં દુઃખ ભોગવવાં ન પડત.

વલી કહેવામાં આવે છે કે **ત્યાગ કરવા યોગ્ય સ્ત્રી તેમજ સુવર્ણ** છે તો તહીં એમ કેમ કહેવામાં નથી આવતું કે સ્ત્રીને પણ પુરૂષ ત્યાગ કરવા યોગ્ય છે ? આ માર્ગનાં વચન ફક્ત વિરક્તદશાને માટે છે તેથી હું ધારૂં છું તે પ્રમાણે જેવી રીતે સ્ત્રી અને સુવર્ણ ત્યાગવા યોગ્ય છે તેવીજ રીતે સ્ત્રીને માટે પણ પુરૂષ તેમજ સુવર્ણ ત્યાગ વા યોગ્ય હશેજ અને જો એમ ન હોય તો સ્ત્રીઓને કલ્યાણને માટે શું ત્યાગવા યોગ્ય છે ?

વલી કહેવામાં આવે છે કે **પ્રાણીઓને બંધન કરનાર સ્ત્રી બેડીરૂપ** છે તો સ્ત્રીઓને આ જગતમાં પુરૂષવિના બીજી કઇ બેડી છે તે કાંઇ કહેવામાં આવતું નથી. મને તો એમ નક્કી ભાસે છે કે પુરૂષ એ અમો સ્ત્રીઓને જગતમાં બેડીરૂપ છે. જો પુરૂષ ન હોત તો

સ્ત્રીએ અનેક પ્રકારના યોગ્ય ઉપાયકરી જીવનમુક્તિના માર્ગને મેળવત પણ પુરૂષ બેડી હોવાથી. સ્ત્રીઓ એક સ્થાનમાં પરતંત્રતાથી અનેક પ્રકારના દુ:ખને સહનકરી મૃત્યુના તાબે થવું પડે છે તો પુરૂષ પણ મોટી બેડીરૂપ શા માટે ન લેખી શકાય ?

વલી કહેવામાં આવે છે કે **સ્ત્રી એ વિશ્વાસનું પાત્ર નથી**, ભલે કદાચ એમ સ્વીકારો પણ જુઓતો ખરા કે ગૃહ સંસારના કયા વ્યવહારો તમે સ્ત્રીના વિશ્વાસ વિના ચલાવો છે. ખાનપાનઆદિ વ્યવહારમાં, ઘર, પુત્ર અને ધનાદિના રક્ષણમાં તથા વિનોદની વાર્તામાં સંસાર વ્યવહારમાં લપટાએલ પુરૂષ તેના વિશ્વાસથીજ વર્તતો માલમ પડે છે. જો કેવળ તે અવિશ્વાસનુંજ પાત્ર હોત તો ઘરના વ્યવહારમાં પ્રધાનરૂપ, મિત્રરૂપ સ્ત્રીને કેમ ગણી શકાત ? સ્ત્રીએ શા માટે વિશ્વાસનું પાત્ર નથી તે સમજાવવું જોઇએ. કદાચ કોઇ એમ કહેશે કે ઘણી ગુપ્ત રાખવા લાયક વાર્તા સ્ત્રીના આગળ કહેવામાં આવે છે તો તે વાર્તા તે બહાર ખુલ્લી કરી દેછે તેથી તેઓ વિશ્વાસને પાત્ર નથી તો શું પુરૂષ છાની વાર્તા બીજાના આગલ કરી દેતા નથી માલમ પડતા. વલી વિચારો, અનેક દુષ્ટ આચારવાળી સ્ત્રીઓજ નબળા અંતઃકરણની હોતતો તેઓ પોતાના તેવા નીચ આચારને કેમ છુપાવી શકત ? જ્યારે દુરાચારી સ્ત્રીનાં અંતઃકરણ આટલું કરી શકે છે તો પછી શુદ્ધ આચારવાળી સતી સ્ત્રીઓનાં અંતઃકરણ તો તેથી પણ દૃઢ લેખી શકાય. કેટલાક ક્ષુદ્ર બુદ્ધિવાળા પુરૂષો એવા માલમ પડે છે કે સાક્ષાત્ પોતાને તેમજ અન્યને પણ અહિતકારી વાર્તા હોવા છતાં પણ અન્યને કહી દે છે.

વલી કહેવામાં આવે છે કે **સ્ત્રીએ અમૃત સમાન ભાસે છે પણ ખરેખર તે ઝેર સમાન છે** તો જેમ પુરૂષને માટે સ્ત્રીએ ઝેરજ છે તો સ્ત્રીને માટે પુરૂષ એ શું ઝેર નથી ? જગતરૂપ વ્યવહાર જોતાં એમજ જણાય છે કે અમો સ્ત્રીઓ પુરૂષરૂપ ઝેરને સેવવાથીજ નવ અગર દસમાસ સુધી ગર્ભાધાનનું દુ:ખ સહન કરીએ છીએ તથા પ્રસવનાં ન સહન થાય તેવાં દુ:ખને અનુભવીએ છીએ તેમજ તે પછી બાળકના રક્ષણ માટે અનેક દુ:ખ સહન કરીએ છીએ તો પછી આમ જોતાં તો સ્ત્રીઓને પુરૂષ એ ઝેર સમાનજ છે તો પછી એવું શા કારણને લઇને કહેવામાં આવે છે કે સ્ત્રી એ અમૃત સમાન ભાસે છે પણ ઝેર છે ?

મારા વિચાર પ્રમાણે તો આ સર્વ એકજ દૃષ્ટિ વિચારથીજ ઉમેરાયલાં તેમજ લખેલાં વાક્ય છે વસ્તુતઃ તો આ સર્વ ભાવઅન્યો અન્ય હોઇ શકે તેમ છે તો તે બંન્ને માટે ગણવા જોઈએ.

વળી આ પ્રમાણે ઘણા મનુષ્યો કહે છે પણ કોઇક વિરલાજ ત્યજવાને તો તૈયારજ થાય છે તો પછી આવા આવા વિચારોને પ્રગટ કરી, અમોને અમારા કૃતવ્ય કર્મની દીશાથી વેગળે રાખી પરતંત્રતાની બેડીમાં સપડાવી અમારી મહત્તા નીચી પાડવામાં વાસ્તવીક હેતુ શો છે તે સમજાતો નથી. સંસાર વ્યવહારમાં તો પુરૂષ એ રાજા ગણાય છે તો જેમ રાજાનું રાજ્ય પ્રધાન વિના ચાલતું નથી તેમજ આ ગૃહસંસારરૂપી રાજ્ય પણ સ્ત્રીરૂ

પ્રધાન વિના કેમ ચાલી શકે ? વળી જો યોગ્ય અને ડાહ્યા પ્રધાન નથી હોતા તો રાજ્ય યોગ્ય વ્યવસ્થાથી નથી ચાલતું તો પછી બીન કેળવાયલી સ્ત્રીથી કેવી રીતે સંસાર વ્યવહાર .. ઉચ્ચ સુખની આશા રખાય. તેવીજ રીતે વળી પુરૂષ અને સ્ત્રીઓના સમાન હક જ છે. ઉચ્ચ સુખ મેળવવામાં બન્ને સરખાંજ હકદાર છે, ઉચ્ચ ગુણ ખીલવાની બન્નેને જરૂર છે. શું પુરૂષને મુક્તિનો અધિકાર છે અને સ્ત્રીને નથી ? મારા સમજવા પ્રમાણે બન્નેને છે તો પછી તેના હકમાં ખલેલ પાડવા સ્ત્રીને માટે નીચી પદવી આપવી જોઇએ ? આથી મારી બ્હેનોએ એવા વિચાર પર દોરવાઇ જવાનું નથી કે આપણા દરેક હક સમાન છે માટે પુરૂષ ઉપર આપણે રાજા થઇ બેસવું ખરેખર પુરૂષજ શાહ છે અને આપણે તો પ્રધાનજ છીએ તો જેમ રાજાના હુકમથીજ પ્રધાન કાર્ય કરે છે તોજ યોગ્ય લેખી શકાય તેમજ આપણે પણ તેમની આજ્ઞાથીજ કાર્ય કરીએ તોજ યોગ્ય હોઈ શકે. વળી વાસ્તવીક સ્થિતિ વિચારતાં પુરૂષના ને આપણા સ્વભાવીક ધર્મમાં પણ ફેરજ છે. પુરૂષ કઠણ હૃદયનો અને સ્ત્રીઓ ભીરૂ હૃદયનીજ હોય છે. બાળક પ્રસવ સ્ત્રીમાંથીજ થાય તે કાર્ય કંઇ પુરૂષ કરી શકે તેમ નથી. આવીજ રીતે આપણા અને તેમના વાસ્તવીક ધર્મ પૃથક પૃથક છે તેથી આપણે આપણા યોગ્યજ કાર્યમાં, વિચારમાં વહેવાનુંછે. ગૃહવ્યવહારમાં, વાર્તા વીનોદમાં આપણે આપણા વિચારો પુરૂષને દર્શાવી શકીએ તેમ છીએ અને તેદ્વારાજ પુરૂષ પોતાના વિચાર ઉચ્ચ ખીલવી બહાર મુકી શકે છે તો ઉચ્ચકાર્ય કરવામાં આપણે પુરૂષને એક સાધનરૂપ છીએ. વળી ઉચ્ચ **વિચારવાળા, સદ્ગુણી, તેમજ બહાદુર બાળકોને** આપણે બનાવી શકીએ તેમ છીએ તેથી મને તો એમ સ્પષ્ટ જ ભાસે છેકે આપણી મહત્તા પણ જગતમાં કંઇ ઓછી નથી છતાં શા માટે પુરૂષો જગતમાં આપણી મહત્તાને ઓછી કરે છે તેજ મને સમજાતું નથી. પુરૂષો શા માટે આપણને કેળવણીથી દુર રાખે છે, તે પણ સમજાતુ નથી. આપણે આપણા વાસ્તવીક ધર્મ સમજીશું તો આપણે કદી પણ પુરૂષથી વિરૂદ્ધ વર્તન કરીશું નહીં. તેમજ તેના ઉપર રાજા પણ નહીં થઇ બેસીસું. હાલ જોતાં તો યોગ્ય કેળવણીના અભાવે ઘણેભાગે સ્ત્રીઓ પુરૂષની ઉપર રાજા થઇ બેઠેલી માલમ પડે છે. ખરેખર જોતાં તો પુરૂષોએજ હાથે કરી તેમનો વ્યવહાર બગાડી નાખેલ છે કારણ તેઓએજ સ્ત્રીઓની મહત્તા ઘટાડી તેમના તરફ અભાવ બતાવ્યો છે અને તેના પરિણામેજ સંસાર વ્યવહારમાં અનેક બખેડા અને ખુનામરકી વધી પડેલ છે, તેમજ આપણને બીન કેળવાયલી રાખવાથીજ આપણી પ્રજા નીર્માલ્ય, બુદ્ધિવિનાની, મવાલા જેવીજ ઉત્પન્ન થતિ માલમ પડે છે. હવે મારી છેલ્લે નમ્ર પ્રાર્થના એટલીજ છે કે પુરૂષોએ શા કારણથી સ્ત્રીને નીચી મહત્તા આપી છે તે યોગ્ય રીતે સમજાવવામાં આવે તો અમો સ્ત્રીઓ તેવા કારણનો ત્યાગ કરીએ અને અમે અમારો યથાર્થ લાભ મેળવી શકીએ. બાકી તો પુરૂષરૂપ પરતંત્રતાની બેડીમાં સપડાઇ અમો અનેક રીતે દુઃખી થઇએ છીએ કારણ કે પ્રથમ અમો માબાપના કબજામાં હોઇએ છીએ તેમાં પણ માબાપની પરતંત્રતારૂપ બેડીમાં .સપડાયેલ હોઇએ છીએ એટલે ખરેખર રીતે તો અમે બાપ પુરૂષરૂપ અને પછી પતિ પુરૂષરૂપ બેડીમાં સદાને માટે સપડાયેલજ છીએ. આવે વખતે કેળવણીના અભાવે વાસ્તવીક ધર્મ ન સમજતાં અમો અનેક પ્રકારના દુઃખનાં ભોગ થઇ પડેલ છીએ તો ભલા દયાળુ વિદ્વાન તેમજ મહાત્મા પુરૂષો અમોને આવા કારણનું

તેમજ પુરૂષો પ્રતિ અમારી મહત્તાનું તેમજ અમોને કેળવણી અર્પવાનુ અને તેથી થતા યથાર્થ લાભોનું તેમજ અમારી અન્ય કૃતવ્યકક્ષા તેમજ મહત્તાનું અમોને અમારા પ્રતિ કૃપા કરી જ્ઞાન અર્પશે તેમજ ઉપરના સવાલનુ યથાર્થ સમાધાન કરશે એવી અભ્યર્થના છે.

**સમાધાનઃ**—ઉપરનો લેખ એક જૈન શ્રાવિકાએ લખેલ છે. તેમાંથી જે કંઇ સત્ય હોય તે જૈન દૃષ્ટિએ ગ્રહણ કરવા યોગ્ય છે. સ્ત્રી અને પુરૂષ એ બન્નેને મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે. પુરૂષ ધર્મમાં પ્રધાન છે એમ શાસ્ત્રોમાં દર્શાવ્યું છે પણ તેમાં એમ નથી દર્શાવ્યું કે સ્ત્રીને મોક્ષ ન મળે. સો વર્ષની સાધ્વીએ એક દીવસના દીક્ષાવાળા સાધુને વંદન કરવું એમ લખવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે ધર્મમાં પુરૂષની પ્રધાનતા છે પણ તેથી સ્ત્રીએ સ્ત્રીના ગુણોવડે પોતાની અધિકાર પરત્વે જે મહત્તા સાચવવાની છે તેની ન્યૂનતા થતી નથી. તીર્થંકરોની માતા અને સતીઓને બહુમાન આપવામાં આવ્યું છે. ભરતેશ્વરની સજ્ઝાયમાં સતી સ્ત્રીઓનું સ્મરણ કરવામાં આવ્યું છે તેથી જૈનશાસ્ત્રો ગુણવંતી ધર્મસ્ત્રીઓના ગુણોને ગ્રહણ કરવાનું સ્પષ્ટ સૂચવે છે. સ્ત્રીને નરક કહી છે તે વૈરાગ્ય લાવવાની અપેક્ષાએ અવબોધવું. વૈરાગ્યના કારણે સ્ત્રીએ પણ પુરૂષોને એમ કહે તો તેમાં તે અપેક્ષાએ યોગ્ય છે. સ્ત્રીઓને જેમ અપેક્ષાએ અમૃત અને વિષ કહેવામાં આવે છે, તેમ પુરૂષો માટે પણ સ્ત્રીઓએ પોતાની બુદ્ધિથી સમજી લેવું. સંસારવ્યવહારમાં પણ ઘરનાં કાર્યોમાં સ્ત્રીની પ્રધાનતા બતાવી છે તેથી સ્ત્રીના અધિકાર પ્રમાણે સ્ત્રીના કાર્યોમાં સ્ત્રીની મહત્તા જે જે ઠેકાણે યોગ્ય લાગે તે તે ઠેકાણે અવબોધવી. પુરૂષોની પોતાના અધિકાર પ્રમાણે કાર્યો કરવામાં મહત્તા અવબોધવી. આ પ્રમાણે અપેક્ષાએ પુરૂષ અને સ્ત્રીના અધિકારે સ્વકાર્યમાં મહત્તા સમજવામાં આવે તો અધિકાર વિનાની મહત્તા માટે તકરાર રહે નહિ એમ સહેજે સુજ્ઞો સમજી શકશે.

---

# સ્ત્રીમહત્તાના લેખ સંબંધી બે બોલ.

( લેખક, શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

આ વખતના અંકમાં હીરાદેવી એ જે સ્ત્રી મહત્તાના વિચાર દર્શાવ્યા છે તે ઘણા સ્તુત્ય છે. સ્ત્રી જાતિમાં જન્મ લેઇ સ્ત્રીઓની ઉન્નત દશાના વિચારોમાં મગ્ન રહી સ્ત્રીઓની ઉન્નતિ કરવાના વિચારો કરવા અને તેને પેપરો યા માસિકો યા વર્તમાન પત્રો દ્વારા પ્રગટ કરવા એ આર્ય તરીકે ગણાતી દરેક મહિલાઓની ફરજ છે. આટલું કહી હવે હું મારા લખવાના મૂળ આશય પરત્વે વાંચકનું લક્ષ્ય ખેંચું છું. આ સ્થળે મારે જણાવવું જોઇએ કે જેવું જૈનધર્મે સ્ત્રીઓને મોક્ષ પામવાનું મહત્વનું પદ આપ્યું છે તેવું ભાગ્યેજ બીજા કોઇ ધર્મે આપ્યું હશે. તેનો વિશેષ ખ્યાલ મારા ધાર્યા પ્રમાણે નીચેની બીનાઓનું અવલોકન કરવાથી વિશેષ થશે.

૧. જૈનધર્મ બેધડક એટલે સુધી કહે છે કે સ્ત્રીઓ સકળ કર્મનો ક્ષય કરી પરમાત્મ

પદ પ્રાપ્ત કરે છે. હવે વિચારો કે પરમાત્મપદ કરતાં એવું બીજુ કયું મહત્વનુ પદ આ જગતમાં હોઈ શકે? ત્યારે એવી તે કઇ સ્થિતિ છે યા પદવી છે કે જેને માટે સ્ત્રી લાયક ન ગણી શકાય?

૨ પ્રભાતમાં ઉઠી સોળ સતીનાં નામ સંભારીએ છીએ, તેમનું યશોગાન કરીએ છીએ, આપત્તિ સમયે તેમની ભક્તિ કરીએ છીએ આ શું આપણે સતિ સ્ત્રીઓનું ઓછું સન્માન કરીએ છીએ?

૩. દરરોજ પ્રતિક્રમણની આવશ્યકાદિ ક્રિયા પુર્ણ કર્યા બાદ સંતિકરમાં કથેલી વિદ્યાદેવીનાં નામ સ્મરીએ છીએ, આ શું શાસન દેવીઓ કે જે સ્ત્રી લિંગે ગણાય તેઓને ઓછું મહત્વનું પદ આપીએ છીએ?

૪ ખુદ તીર્થંકર ભગવાન દેશના સમયે **नमो तिथ्थस्स** કહી સકળ સંઘને નમે છે. શું સંઘના બે વિભાગ સ્ત્રી જાતિથી નથી બનેલા?

૫. સતી સુલસાને ચંદનબાળાનાં શ્રીમહાવીરપ્રભુએ ભર સભા વચ્ચે વખાણુ કર્યાં હતાં.

આવી રીતે જૈન ધર્મે ઉત્તમ સાધ્વી સ્ત્રીઓનું ઘણી રીતે સન્માન કર્યું છે. હવે આપણે પ્રથમના સમયમાં કેળવણીની બાબતનો વિચાર કરીએ. આપણા રૂષભદેવ પ્રભુએ બ્રાહ્મી અને સુંદરીને સારીરીતે કેળવણી અપાવી સ્ત્રી કેળવણીનો દાખલો આદર્શ પેઠે બેસાડ્યો છે.

મલયા સુંદરીએ લઘુવયથીજ સાંસારિક, નૈતિક અને ધાર્મિક જ્ઞાનનું શિક્ષણ લીધું હતું.

ધનપાળની દીકરી તિલક મંજરીએ ધનપાળનો અથાગ મહેનતના ભોગે બનાવેલો ગ્રંથ નાશ થતાં તે પોતાને એક વખત સાંભળવાથી કંઠાગ્ર રહ્યો હતો તે તેના પિતાને કહી સંભલાવ્યો હતો જેથી ધનપાળે ખુશ થઇ તે પુસ્તકનું નામ પોતાની દીકરીના નામેનામ તિલક મંજરી રાખ્યું.

વળી ભગવતી સૂત્રમાં જયંતિએ શ્રી મહાવીર પ્રભુને સભામાં પ્રશ્નો પુછ્યા છે. આ શું નથી બતાવી આપતું કે સ્ત્રીઓ આગળ કેળવણીની બાબતમાં અગ્ર ગણ્ય પદ ભોગવતી હતી?

આવી રીતે આપણામાં પ્રથમના સમયમાં જોઇશું તો ઘણી સ્ત્રીઓ કેળવાયલી હતી. કેળવણીને સારી રીતે પોષણ મળતું તેમ સ્ત્રીઓનો દરજ્જો સારી રીતે જળવાતો પરંતુ વસ્તુસ્થિતિ એમ બની કે લોકોને વૈરાગ્યોપદેશ આપવાના હેતુથી કેટલાક શાસ્ત્રકારોએ "સ્ત્રી એ મોક્ષમાર્ગ જતાં અર્ગલા સમાન છે, સ્ત્રી નરકનું દ્વાર છે" વિગેરે એવા કેટલા શબ્દો વૈરાગ્ય લાવવાના હેતુથી કામ યા વિષયવાસનાના ઉચ્છેદન અર્થે વાપર્યા છે. જો કે તેમનો આશય ઘણો ઉચ્ચ હતો પણ દિવસે દિવસે આપણો કેટલોક બીનકેળવાયલો વર્ગ જ્ઞાનદશાના અભાવે તેથી કરી સ્ત્રીઓને હલકી ગણવા લાગ્યો તે છેક એટલે સુધી કે બૈરી તો પગનું ખાસડું છે. સ્ત્રી મરીગઇતો ઉંદરડી મરી ગઇ આવી રીતે તેમનો દરજ્જો હલકો ગણે છે.

વળી આ વાત આટલેથી અટકી નથી. સામાન્ય ગૃહસ્થાવાસમાં પણ કેટલાક અડધી અક્કલના શુષ્કજ્ઞાનીઓ બટુક વૈરાગીઓ પોતાની સ્ત્રીને કહે છે કે " તું તો નરકની ખાણ છે, વિષની વેલી છે, મારા જીવનને ડુબાવનારી છે મારા મોક્ષના માર્ગમાં વિઘ્ન કર્ત્તા છે " વિગેરે શબ્દોથી ઉપાલંભ દેઇ તેનું જીવન નિર્માલ્ય લેખે છે. સ્ત્રીબિચારી અભણ તેમજ તેને શાસ્ત્રીય જ્ઞાનના બ્હાનાથી હલકી સ્થિતિમાં કચડવામાં આવે તેથી બિચારી ગરીબ ગાય જેવી તેના આગળ થઇને રહે છે. કદાચ સ્ત્રી જો પોતાના જ્ઞાનના સદ્ભાવે તેનો ઉપરનો ડોળ બતાવવા પ્રયત્ન કરવા જાય છે તો તેને ધમકાવે છે અને કહેવા લાગે છે કે જો રાંડ તું મારા કામની વચ્ચમાં પડીશ તો હું તદન સંસાર ત્યાગ કરીશ. આથી બિચારીને " મનમાં પરણ્યા ને મનમાં રાંડયા " એની પેઠે પોતાની જીંદગી બળદની પેઠે વહન કરવી પડે છે. આ અનુભવ ગમ્ય છે.

વળી કેટલાક પુરૂષો જાણે બજારમાંથી સોદો કરી લાવેલી ચીજની પેઠે જાણે ગુલામડીની માફક સ્ત્રીઓની સાથે વર્તતા જોવામાં આવે છે. સ્ત્રી બિચારી શુદ્ધરીતે પોતાનો ધર્મ સાચવી પતિપરાયણ રહે છતાં ભાઇ તો પોતાને ફાવે તેવી જાતની નીચ વર્તણુક કરે અને સ્ત્રીને દમે છતાં જેમ સુખડને છેદવાથી સુવાસ અર્પે છે તેમજ તે બિચારી તો તેના ગુણનુંજ યશોગાન કરે છે; તેની ફાવે તેવી વખતે દુષ્ટવાસનાઓ હોય છે તો તે પણ પોતાના સૌજન્યપણાવડે કરીને માથે પડેલ નહીં બજાવવા યોગ્ય ફરજ પણ પતિના દુરાગ્રહથી બજાવે છે. ધણી તેના ઉપર પ્યાર રાખે કે ન રાખે તોએ તે તેના ઉપર પૂર્ણ પ્રેમભાવે જુએ છે અને સદા તેની આજ્ઞામાં આધિન રહે છે.

વળી " કાગનું પીંછ ને પીંછનું કાગ " કેટલીક વખત આવા આવા અજ્ઞાન દશાના બળે કોઇ કોઇ સ્ત્રીઓ તરફથી પુરૂષને અવિશ્વાસને પાત્ર દાખલાઓ બનેલા તેને આગળ ધરી કેટલોક પુરૂષવર્ગ ઠેઠ એટલે સુધી હીમાયત કરવા લાગ્યો કે " સ્ત્રીઓ એ વિશ્વાસનું પાત્ર નથી. બિલાડીના પેટમાં ખીર ટકે તો સ્ત્રીના પેટમાં વાત ટકે આવી આવી રીતની ઉદ્ઘોષણાનો પછી પ્રસવ થયો અને જ્યારે પછી દિવસે દિવસે તેનો વધુ વિસ્તાર થયો ત્યારે ઘણાઓ એવું મંતવ્ય માનવા લાગ્યા. છેવટે શાસ્ત્રના લખનાર પંડિતો પણ ઘણાઓનું એવું મંતવ્ય જોઇ તેમના વિચારને દોરાયા. મારા ધાર્યા પ્રમાણે તો.

વા વાયાથી નળીઉં ખસ્યું, તે દેખીને કુતરૂં ભસ્યું;
કોઇ કહે મેં દીઠા ચોર, ઘણો થયો ત્યાં શોરબકોર.

ઉપરની કહેણીની પેઠે આ બાબતમાં પણ એમ બન્યું લાગે છે. તે ઓઘસંજ્ઞાએ ચાલી આવેલું લાગે છે. કંઇક તેવું બન્યું હશે અને તેથી **સ્ત્રીઓ વિશ્વાસને પાત્ર નથી** એવા શબ્દો ઉપસ્થિત થયા હશે પરંતુ તેથી કરી અંશને આખાના રૂપમાં સિદ્ધાંત તરીકે પ્રતિપાદન કરવું એ ન્યાયપુરઃ સર તો નથી જ. જો એમજ હોય તો સ્ત્રીને પુરૂષ-રાજાના મંત્રી તરીકે સ્વીકારી તેને પ્રાધાન્યપદ કેમ અર્પત ? શું કોઇપણ રાજા મંત્રીના વિશ્વાસ વિના, તેને રાજ્યની ગુપ્તવાતો જણાવ્યા વિના શું તેનું રાજતંત્ર ચલાવી શકે તેમ

છે ? માટે હાલના જમાનામાં તેવા શબ્દોને દેશવટો દેવો એજ મુનાશીબ છે.

ઉપર મુજબ દિવસે દિવસે અજ્ઞાનદશાના સબબે જેમ પુરૂષો સ્ત્રીઓને હલકું પદ આપવા લાગ્યા તેમ કેટલીક સ્ત્રીઓ પણ તેમના ધર્મથી પરાઙ્મુખ થવા લાગી ધણીનું જોઇએ તેટલું સન્માન ન કરતાં તેને સુખનોઅનુભવ ન કરાવતાં ઉલટું દુઃખના કારણભુત થઇ પડવા લાગી, આમ જ્ઞાન દશાના અભાવે ઘણાં સ્ત્રી પુરૂષોનાં અન્યોઅન્ય જીવન ક્લેશમય થવા લાગ્યાં; જેનું કડવું ફલ અત્યારે આપણે અનુભવીએ છીએ. કદાચ કોઇ સવાલ કરે કે આ સઘળું આમ શાને લેઇને બન્યું હશે તો તેના જવાબમાં મારે કેહેવું જોઇએ કે આપણામાંનો ઘણોભાગ વેપારીવર્ગ હતો. અને વેપારમાં મશગુલ રહી કેળવણીની બાબતમાં ઘણોભાગ પછાત રહ્યો. વળી ગૃહસ્થાવાસ કેમ ઉત્તમ શોભી શકે, તેના શા શા ધર્મો છે તેનો પણ યોગ્યરીતે ઉપદેશ મલ્યો નહિ જેના લીધે અત્યારની સ્થિતિનું કારણ ઉપસ્થિત થયું છે. જૈન ધર્મે જે સ્ત્રીઓને મહત્વનું પદ આપી માનમુરતબો સાચવ્યો છે એવો ભાગ્યેજ બીજા કોઇ ધર્મે સાચવ્યો હશે. વૈરાગ્ય યા તો બ્રહ્મચર્યનો વિષય પ્રતિપાદન કરતાં કેટલાક અન્ય ધર્મીઓએ સ્ત્રીઓને હલકા દરજ્જામાં મુકી છે. તે નીચેના દાખલા ઉપરથી માલુમ પડશે.

ભર્તૃહરિના બનાવેલા વૈરાગ્ય સતકની ૨૦ મી ગાથામાં સ્ત્રી માત્રના રૂપને ધિક્કાર્યું છે. આર્ય ધર્મ અને ચાણાક્ય નીતિસાર પુસ્તકમાં પાને ૩૪ મે વિવિધ ઉપદેશમાં બતાવ્યું છે કે જેમ અગ્નિ પ્રાણનું હરણ કરે છે તેમ સ્ત્રી એ પણ તત્કાળ પ્રાણનું હરણ કરનાર છે. આવી રીતે જો અમુક અપેક્ષાએ વિચારીશું તો ઘણા ધર્મોવાળાએ ઉપરની બીનાને લગતું વૈરાગ્ય આદિ ઉપદેશ નિમિત્તે વર્ણન કરેલું જોવામાં આવે છે. એતો ખુલ્લુંજ છે કે દુઃખનો ધ્વંસ થતાં સુખ પ્રગટે છે. તેમજ કામ યા વિષય વાસના આદિનો ધ્વંસ થતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. માટે વૈરાગ્યોપદેશના નિમિત્ત કાર્ય કારણ ભાવને લક્ષમાં લેઇ એવી રીતનું એક દેશીય વિવેચન કરવામાં આવ્યું હોય એમ સમજવામાં આવે છે બાકી નહિં તો જેવું વિષયવાસનાનુ બીજ સ્ત્રીમાં છે તેવુંજ પુરૂષમાં છે. કદાચ એ ખરૂં છે કે સ્વાભાવિક રીતે એકબીજામાં તે ન્યૂનાધિક ભાવે હશે પરંતુ તેથી કરી એકની ઉપેક્ષા કરવી અને બીજા તરફ અલક્ષ્ય કરવું એ વ્યાજબી તો નથી. મારા વિચાર પ્રમાણે વૈરાગ્યની અપેક્ષાએ જો સ્ત્રીઓ પુરૂષને નરકનું દ્વાર લેખે તો તેમાં શાસ્ત્રીય અપેક્ષાએ કંઇ દોષ આવતો હોય તેમ સંભવતુ નથી. જ્ઞાનાધિકારે ને સુખસાધનોમાં તો જેટલો પુરૂષોને હક છે તેટલાજ સ્ત્રીઓને છે તે કોઇપણ રીતે અયોગ્ય તો નહીંજ કહી શકાય, માટે શાસ્ત્રકારોની-દ્રષ્ટિ બરોબર સમજી તે ઉપર સુક્ષ્મ વિચાર કરવામાં આવશે અને સ્ત્રી પુરૂષો અન્યોઅન્ય કેળવણીની બાબતમાં વૃદ્ધિગંત થશે તો દરેક રીતે શંકાનું સમાધાન થવામાં સુલભતા થશે.